सकलागमरहस्यवेदिश्रीमद्विजयदानसूरि-परमगुरुभ्यो नमः।

# श्रीतत्त्वतरंगिणी-बालावबोध

श्रीमुक्ताबाई-ज्ञानमंदिर

डभोई

ॐ अर्हम् ।

[ શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-જંબૂસૂરિ-જૈન-ગ્રંથમાલા-૧૪ ]

શ્રીતિથિઆરાધનાના સત્યમતનું પ્રદીપક પ્રાચીન ભાષાશાસ્ત્ર

# श्री तत्त्वतरंगिणी--बालावबोध ।

મૂલકાર

ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર

બાલાવબોધકાર

મૂલકારના લગભગ સમસમયવર્તિ અજ્ઞેયનામધેય મહાત્મા

ભાષાકાર

સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના સુવિહીત પટ્ટપ્રભાવક આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્યપ્રવર શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ

卐

પ્રકાશક,

શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર, શ્રીમાળીવાગા, ડભોઇ.

મુદ્રક.

શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપસ ક્રોસરોડ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી

વીર સં. ૨૪૭૫ પ્રત ૧૦૦૦ વિ. સં. ૨૦૦૫

# સ મ ર્પ ણ

તિથિ આરાધનામાં ચાલતી અવિધિને પડકારી જેમણે જુગજુના સત્યની મિશાલ પ્રકટાવવામાં અડગપણે ઉભા રહી જૈન શાસનની અનુપમ સેવા બજાવી છે અને તેથી કેઈ કલ્યાણકામી આત્માઓની કલ્યાણ સાધનામાં મહાન ઉપકાર કર્યો છે, તે પરમપૂજ્યપાદ શાંત તપોમૂર્તિ શાસનનાયક પ્રવચનપ્રભાવક સંઘસ્થવિર આચાર્યભટ્ટારક શ્રી ૧૦૦૮ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભ વરદ હસ્ત કમલમાં વર્તમાન તિથિઆરાધનામાં કરાતી મનઃકલ્પિત તિથિ-પરાવૃત્તિના જુઠ્ઠા મતનું ખંડન કરતું અને તિથિપરાવૃત્તિ કર્યા વિના યથાસ્થિત આરાધના કરવાના સત્ય મતનું મંડન કરતું આ પ્રાચીન પ્રમાણિક પ્રકાશન ભક્તિભાવપૂર્વક મૂકતાં અમે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ. શાસ-નદેવ એ પરમ ઉપકારી મહાપુરુષના સંયમદેહને ચિરંજીવી તંદુરસ્તિ બક્ષે, એજ પ્રાર્થના. એ તારકને કોટિશઃ વંદનશ્રેણી છે અમારી.

—સેવામાં નમ્ર પ્રકાશક

---

## આ ગ્રંથરત્નના પ્રકાશનમાં સહાયકર્તા પુણ્યશાળીઓ

પૂજ્ય મુનિમહારાજ શ્રી રૈવતવિજયજીએ રાધનપુર ચાતુર્માસમાં કરેલ ૩૪ ઉપવાસની મહત્તપશ્ચર્યાની યાદગિરિ નિમિત્તે સં. ૨૦૦૦

૧૫૦) શા. હિંમતલાલ ભુરાલાલ દસાડીઆ, મુ. રાધનપુર.

૫૦) „ ચીમનલાલ ભુરાલાલ, સ્વ સ્વર્ગંગત પિતાશ્રી ભુરાલલજીના સ્મરણાર્થે મુ. રાધનપુર

૫૧) „ કાન્તીલાલ કકલભાઇ, દસાડીઆ „

૨૫) „ જીવાભાઇ દેવશીભાઇ „

૫૧) „ દોલતચંદ વેણીચંદ મહેતા સં. ૨૦૦૫ મુ. સિદ્ધપુર.

# પ્રાસ્તાવિક કથન

તારક શ્રી જિન પરમાત્માનું શાસન સદાય મંગલકારી જયવંતુ વર્તે છે. આ હુંડા અવસર્પિણી તેમાં રે પંચમ કાળ, જેને લોકો કલિકાલના નામથી ઓળખે છે, તેના કહેવાતા દોષથી પ્રભુ મહાવીરના શાસનમાં કાળે કાળે જે કંઇ મતભેદો પ્રવર્તમાન બન્યા છે, તેમાંનો એક વર્તમાનમાં ચાલતો તિથિ-મતભેદ છે. આ મતભેદનાં મૂળ સં. ૧૯૯૨ માં નહિ પરંતુ સં. ૧૯૫૨ માં રોપાયાં છે, અને વાસ્તવમાં જોતાં તેથીયે પહેલાંનાં છે.

છેલ્લા દાયકામાં કેટલાકો તરફથી આ મતભેદને બહુજ ઉગ્ર સ્વરૂપ અપાયેલું આપણે જોયું છે. તથાપિ સમાજમાં તિથિઆરાધન એક દિવસે થવાને બદલે કેટલીક વખત ભિન્ન ભિન્ન દિવસે જ થાય છે. ત્યારે હવે આ બાબત આજની છે કે કાલની છે એ ચર્ચા છોડી દઈને સત્ય શું છે તે જાણવા, જોવા તથા આચરવાની વૃત્તિ જેમને ઉદ્‌ભવી હોય તેમને સંતોષવાનું સાધન શું ? એ પ્રશ્ન ઘણાને મુંઝવે છે.

તેના ઉત્તરમાં કહેવું જોઈશે કે શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના અનુવાદરૂપે **શ્રી પર્વ તિથિ પ્રકાશ** અને **આરાધના વિષયક તિથિ સાહિત્ય દર્પણ** આદિ ગ્રંથો આ પહેલાં કેવલ આ જ એક શુભ ઇરાદે અમારી સંસ્થા વિગેરે તરફથી બહાર પડેલા વિદ્યમાન છે. તેનાથી સત્ય શોધકોને લાભ થએલો અમારી જાણમાં છે. હવે તે પુસ્તકોમાં કરેલા અર્થો સત્ય છે તે દેખાડી આપનાર અને શ્રી તપગચ્છ માન્ય તિથિ આરાધનાના સત્ય ઉપર વધુ પ્રકાશ પાડનાર આ ગ્રંથ પ્રસિદ્ધ કરતાં અમારા હર્ષમાં ઉમેરો થાય છે.

આરાધનામાં ઉદય તિથિ માનવી કે અસ્ત તિથિ માનવી, ક્ષય પ્રસંગે પૂર્વતિથિમાં આરાધના કરવી કે પછીની તિથિમાં આરાધના કરવી, વૃદ્ધિ હોય ત્યારે પહેલી આરાધવી કે બીજી આરાધવી, આ જ તિથિમતભેદના મૂલ પ્રશ્નો છે. તેની છણાવટ કરનાર તથા તે અંગે શ્રી તપગચ્છ માન્યતાનો પ્રમાણસિદ્ધ પુરસ્કાર કરનાર **શ્રી તત્ત્વતરંગિણી** નામનો મૂળ ગ્રંથ છે. તે **ઉપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી** ગણિવરે સં. ૧૬૧૫ માં સંસ્કૃત પદ્યમાં રચ્યો છે. તેના ઉપર તેમની પોતાની બનાવેલી વ્યાખ્યા પણ છે. એ વ્યાખ્યાને અવલંબીને તે જ સમયની નજીકમાં થયેલા અજ્ઞાતનામા મહાત્માએ તે સમયની બોલાતી જુની-પ્રાચીન ગુજરાતી ભાષામાં તેનો જે સવિસ્તાર અર્થ લખ્યો છે તે જ આ શ્રી **તત્ત્વતરંગિણી બાલાવબોધ** નામનું પુસ્તક મૂલ સાથે પ્રગટ કરવામાં આવે છે. આ પુસ્તકની મૂલ હસ્તલિખિત પ્રતિની લિપિ તથા ભાષા પણ તેના લેખક તથા રચયિતાનો સમય સત્તરમી શતાબ્દિનો પૂર્વાર્ધ લગભગ હોવાનું પૂરવાર કરે છે. આ બાલાવબોધની પ્રાચીન ગુજરાતી ભાષાને જો અર્વાચિન ગુજરાતી ભાષામાં ઉતારેલી હોય તો જ તે હાલની આમજનતાને સમજવી સુગમ પડે, એટલે પરમપૂજ્ય આગમપ્રજ્ઞ આચાર્ય દેવ શ્રી ૧૦૦૮ **વિજયજંબૂસૂરીશ્વરજી** મહારાજ સાહેબે બાલાવબોધનું ચાલુ બોલાતી ગુજરાતી કરી આપવાની કૃપા કરી છે, તે **શ્રી બાલાવબોધ-બોધિની ભાષા** એ નામથી આ ગ્રંથમાં બાલાવબોધની નીચે જ પ્રસિદ્ધ કરેલ છે. આ ભાષા અને તેના ઉપર પ્રાસંગિક ટિપ્પણો પૂજ્યશ્રીએ ત્રણ વર્ષ પહેલાં તૈયાર કરેલાં તે મૂક્યાં છે.

અહીં જાણી લેવું જરૂરનું છે કે બાલાવબોધકારે મૂલ ગ્રંથની જરૂર પૂરતી ગાથાઓનો જ બાલાવબોધ કરેલો હોવાથી આ પુસ્તકમાં ગાથાનો આંક છેલ્લો ૨૫ નો આવેલો છે. એકથી એકવીસ ગાથાઓ સુધીનો બાલાવબોધ મૂલના ક્રમ પ્રમાણે છે, તે પછી મૂલની ૩૩–૩૪–૩૫–મી ગાથાઓ કહેવામાં આવી છે, અને અન્ત્ય ગાથામાં મૂલની અન્ત્ય ૬૧–૬૨મી ગાથાના પૂર્વાર્ધ ઉત્તરાર્ધ ચરણોનું મિશ્રણ કરેલું છે, તે પૂજ્ય ભાષાકાર મહાત્માના ટિપ્પણ ૧૮ વિગેરેથી સ્પષ્ટ સમજી શકાશે.

'આરાધનામાં ઉદય તિથિ માનવી કે અસ્ત તિથિ માનવી' ઇત્યાદિ તિથિમતભેદના ઉપર્યુક્ત મુદ્દાઓ તથા તેની ચર્ચા વિચારતાં એટલું તો કબુલ કરવું પડશે કે જૈનોમાં પર્વ તિથિની હાનિ--વૃદ્ધિ માની શકાય જ નહિ, અને તેથી અમુક તિથિની ક્ષય-વૃદ્ધિ આવતાં તેની પૂર્વ તિથિની કલ્પિત ક્ષય વૃદ્ધિ કરી દેવી, તથા અમુક તિથિની ક્ષય વૃદ્ધિ આવી હોય ત્યારે તેની પૂર્વતર તિથિની કલ્પિત ક્ષય વૃદ્ધિ કરી દેવી અને બાકી તિથિની ક્ષય-વૃદ્ધિ આવી હોય ત્યારે તો યથાવત્ રાખીને જ આરાધના કરવી, નહિ તો એક પર્વિલોપ્યાનો અથવા અધિક કર્યાનો દોષ આવે,' ઇત્યાદિ જે હકીકતો આજની જનતાને સમજાવવામાં આવે છે, તે મૌલિક નથી કિન્તુ પાછળની ઉપજાવી કાઢેલી છે. જો એજ સત્ય હોત, પરંપરાગત પ્રવૃત્તિ હોત તો મૂલકારે અને બાલાવબોધકારે આ ગ્રંથોમાં તેનો જ હવાલો આપ્યો હોત, તથા 'પુનમના ક્ષયે તમે શું કરશો?' એ પ્રશ્ન પણ ઉઠયો ન હોત, તેમજ તે પ્રશ્નના ઉત્તરમાં-"રે બાપડા! ચૌદશના દહાડે ચૌદશ પુનમ બેહુ તિથિઓ છે, માટે ચૌદશમાંજ પુનમનું આરાધન થઈ ગયું" એમ ન કહેતાં ગ્રંથકાર એમજ સ્પષ્ટ કહી દેત કે 'અમારે તો પુનમ વિગેરેની ક્ષયવૃદ્ધિએ તેરસ વિગેરેની ક્ષયવૃદ્ધિ કરાય છે, અને તેમ કરી જોડીયાં પર્વો સાથે ઉભાંજ રખાય છે,' પરંતુ એ ધ્યાન રાખો કે આવું કથન ગ્રથકારોએ ક્યાંય કર્યું નથી.

જોડીયાં પર્વ વિગેરેના નામે જેઓ આજે જૈન સમાજમાં વિભ્રમ ફેલાવે છે તેઓ સમજી લે કે 'જૈન શાસ્ત્રકારોને પુનમ વિગેરેના ક્ષય પ્રસંગે ચૌદશ પુનમ વિગેરે ભેગાં જ થાય તથા વૃદ્ધિ પ્રસંગે ચૌદશ પુનમની વચમાં પહેલી પુનમ વિગેરે અભિવર્ધિત જ રહે, તે જ સમ્મત છે. પરંતુ તેરસ વિગેરેની કલ્પિત ક્ષય વૃદ્ધિ કરી ચૌદશ પુનમ વિગેરે સાથે રાખ્યાનું મિથ્યાભિમાન પોષવું બીલકુલ અભીષ્ટ નથી,' તેનો જ્વલંત પૂરાવો આ ગ્રંથની ગાથા ૫ મીનો નીચેનો પ્રશ્નોતર છે—

**"તમારે પણ પુનમ ત્રુટે કયો પ્રકાર? તેને એમ કહીએ-રે બાપડા! ચૌદશને દહાડે ચૌદશ અને પુનમ બેહુ તિથિ છે, એટલા માટે ચૌદશે જ પુનમ આરાધી."**

તથા ગાથા ૬મા (પૃ. ૧૦) બાલાવબોધકાર લખે છે કે—"કોઈ એકને કલ્યાણકાદિકનો તેરસે ઉપવાસ કરવો જોઇએ એવું કારણ હોયે છતે ક્ષીણ ચૌદશ સાથે મલી તેરસને તેરસ લેખવે બાકી ચૌદશ લેખવે." આ ત્યારેજ બની શકે કે જ્યારે ચૌદશ વિગેરેની ક્ષય વૃદ્ધિએ તેરસ વિગેરેની ક્ષયવૃદ્ધિ કરવામાં ન આવતી હોય. આથી પણ ટિપ્પણામાં જે તિથિની ક્ષય કે વૃદ્ધિ આવી હોય તેને બદલે અન્ય કોઇ તિથિની મનઃકલ્પિત ક્ષય વૃદ્ધિ કરી દેવાની હાલની પ્રવૃત્તિ તદ્દન જુઠી ઠરે છે. ગ્રંથકારે જેમ આમાં તેરસ ચૌદશ ભેગાં હોય ત્યારે કલ્યાણક તેરસનો ઉપવાસ અને ચૌદશ પખ્ખિનું પ્રતિક્રમણ તેજ દિવસે વિહિત કર્યું તેમ ચૌદશ પુનમ ભેગાં હોય ત્યારે તે દિવસે તેવા કારણે સ્થાનિક પુનમની યાત્રા પટ્ઝારણ વિગેરે ક્રિયા પણ થાય અને ચોમાસી પ્રતિક્રમણ પણ થાય, છતાં આમાં જેઓ કુશંકાઓ પ્રેરે છે તે તેઓના દયનીય હઠાગ્રહ સિવાય બીજુ કાંઇજ નથી.

વળી ગાથા ૧૦માં ગ્રંથકાર લખે છે કે—

**"આજ પૂરી તિથિ છે (એટલે પહેલી ચૌદશ વિગેરે સાઠ ઘડીની મળે છે) બ્હાણે-સવારે (એટલે કાલે-અર્થાત્ બીજી ચૌદશ વિગેરે) તો ઘડી બે ત્રણ પખ્ખી હશે, એ માટે આજ જ પૌષધ કરીએ, પણ સવારે (અર્થાત્ કાલે) ન કરવું,' એવું જાણીને તિથિ વધે ત્યારે પહેલી તિથિ ન લેવી કિંન્તુ બીજી જ તિથિ આરાધવી.'**

આ વિધાનને લક્ષમાં રાખી શ્રી હીરપ્રશ્ન, સેનપ્રશ્નમાં 'બે પુનમ, અમાસ તથા બે આઠમ અગીયારસ વિગેરે આવે ત્યારે ઔદયિકી પુનમ, અગીયારસ વિગેરે આરાધવા' જે કહ્યું છે તેનો અર્થ વિચારવામાં આવે તો તેનો અર્થ બે પુનમ વિગેરેની બે તેરસ વિગેરે કરવાનો થતો નથી કિન્તુ પહેલી પુનમ વિગેરેને ફલ્ગુ અભિવર્ધિત રાખી બીજી પુનમ વિગેરેને આરાધવામાં લેવી એવો જ અર્થ સ્પષ્ટ થઇ જાય છે. આથી ચૌદશ પુનમ વિગેરેની વચમાં પહેલી પુનમ વિગેરે અભિવર્ધિત આવે તેનો જૈન સામાચારીને મુદ્દલે બાધ રહેતો નથી.

અને ગાથા ૧૮માં નીચેનો પ્રશ્નોત્તર પણ જુઓ—

"હવે કોઈ એક એમ કહે—'તિથિ ક્ષય પામે ત્યારે એક દિવસ બે તિથિ માનો છો ત્યાં કયો દૃષ્ટાંત? તેને એમ કહીએ-' જેમ કોઇ એક પુરૂષ એકજ દિવસે બે કાર્ય કરીને એમ કહે જે 'આજ મેં બે કાર્ય પૂરાં કર્યાં' તે પ્રકારે જે દિવસને વિષે બે તિથિ પૂરી થઇ હોય તે જ પ્રમાણ એમ ગાથાર્થ થયો."

ગ્રંથકારનાં આ વચનો સાફ સાફ પૂરવાર કરે છે કે પૂર્વાચાર્યોને ક્ષય પ્રસંગે બે તિથિ ભેગી રહેતી તથા તે બેની આરાધના પણ તેજ એક દિવસે ભેગી થતી અને વૃદ્ધિ પ્રસંગે પહેલી તિથિ ખાલી રહેતી એ જ અભિમત છે, પરંતુ કલ્પિત ક્ષય વૃદ્ધિ કરી તિથિઓને ફેરવી નાખવી તથા તેમ કરીને પર્વને અપર્વ તથા અપર્વને પર્વ વિગેરે કરવા રૂપ દોષો સ્વીકારવા તે જરાયે અભિમત નથી જ.

'क्षये पूर्वा तिथिर्ग्राह्या' વચનનો અર્થ પણ શું થાય? શું 'ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે કલ્પિત સંસ્કાર આપીને એક વખત પૂર્વ તિથિનો લોપ અથવા વૃદ્ધિ કરવી, બીજી વખત પૂર્વતર તિથિનો લોપ અથવા વૃદ્ધિ કરવી, ત્રીજી વખત સંસ્કાર આપ્યા વિના માત્ર પૂર્વ અને ઉત્તર તિથિમાં આરાધના કરવી,' એમ ત્રણ વખત જુદા જુદા થાય ? કે 'કલ્પિત સંસ્કાર રહિત સર્વત્ર માત્ર ક્ષય હોય ત્યારે તેની પૂર્વ તિથિમાં આરાધના કરવી અને વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર તિથિએ આરાધના કરવી,' એ એક જ થાય? આ વિવાદને પણ આપણા બાલાવબોધકારે ત્રણ અર્થનો અસ્વીકાર કરીને તથા છેલ્લો એકજ અર્થનો સ્વીકાર કરીને આ ગ્રંથમાં સારી રીતે ભાગી નાખ્યો છે. આ વસ્તુ તેઓશ્રીનું ગાથા ૧૪ વગેરે ઉપરનું વિવેચન વાંચતાં આપણને દીવા જેવી દેખાઇ આવે છે.

આમ વર્તમાન તિથિચર્ચામાં સત્ય સમજવા તથા આદરવા માટે જિજ્ઞાસુ આત્માઓને આ મૌલિક ગ્રંથ ઘણોજ સંતોષ આપનારો થઇ પડે તેમ છે, તેમાં તલ માત્ર શંકાને સ્થાન નથી.

આ સંબંધમાં કેટલાંક સામા પક્ષનાં છતાં સત્યને પુષ્ટ કરનારાં પ્રમાણો વિચારવાં રસપ્રદ છે. જેમકે—આચાર્યદેવ શ્રીમદ્‌વિજયપદ્મસૂરિજી, કે જેઓ સૂરિસમ્રાટ્ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્યરત્ન છે, તેમણે સ્વકૃત શ્રી વૈરાગ્ય શતકાદિ ગ્રંથ ચતુષ્ટયીમાંના વિંશતિસ્થાનકપ્રદીપિકામાં પૃ. ૫૦૭માં ક્ષયે પૂર્વા૦ નો શાસ્ત્ર સંમત અર્થ નિઃસંકોચ જણાવી દેતાં લખ્યું છે કે—

"તિથિની મુખ્યતાવાળા તપમાં સૂર્યોદયવેળાની તિથિ લેવી. તિથિનો ક્ષય હોય તો પહેલાની તિથિ લેવી અને તિથિની વૃદ્ધિ હોય તો બેમાં બીજી તિથિ લેવી."

આ ગ્રંથ શેઠ ભગુભાઇ સુતરીયાની સહાયથી જૈન ગ્રંથ પ્રકાશક સભાએ સં. ૧૯૯૭માં પ્રગટ કર્યો છે. આ પંક્તિઓ કહી દે છે કે—ક્ષય વૃદ્ધિ પ્રસંગે ટિપ્પણામાં જે તિથિનો ક્ષય વગેરે હોય તેને બદલે જે તિથિનો ક્ષય વિગેરે ન હોય તેવી અન્ય કોઇ તિથિનો ક્ષય વગેરે કરવાનો રિવાજ ખોટો જ છે, પણ ક્ષય વૃદ્ધિને કાયમ રાખી પૂર્વ તિથિ વિગેરેમાં આરાધના કરવા રૂપ એક ધ્રુવ અર્થ માનવો, એજ સનાતન સત્ય છે.

વળી આજે સમાજમાં એમ પણ પ્રચારાય છે કે-'જૈનોમાં પર્વતિથિની હાનિ વૃદ્ધિ ન મનાય, ન બોલાય, કે ન લખાય.' આ પ્રચાર પણ તદ્દન ખોટો જ છે, તેની સાક્ષી આવા પ્રાચીન ગ્રંથો તો પૂરે જ છે, પણ સ્વર્ગસ્થ અધ્યાત્મરસિક આચાર્યદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજે પણ એ વાતની સાક્ષી પૂરી છે. તેમના પોતાના રચેલા ધાર્મિક ગદ્ય સંગ્રહ-પત્ર સદુપદેશ ભા૦ ૧ (પ્રકાશક અધ્યાત્મજ્ઞાનપ્રચારક મંડળ, શા લલ્લુભાઇ કરમચંદ દલાલ, ચંપાગલી, મુંબઇ) માંથી તેમની તે નોંધોના થોડા નમૂના આ નીચે આપ્યા છે, તે જુઓ—

## વૃદ્ધિ માટે

"સં. ૧૯૬૮ જેઠ વદ ૨ શનિવાર, તા. ૧ જુન ૧૯૧૨, અમદાવાદ. પૃ. ૩૧૬
,, ,, રવિવાર તા. ૨ ,, ,, ,, ૩૧૭

(આમાં તેઓશ્રી બીજની વૃદ્ધિ કબુલ રાખે છે, પણ તેને બદલે બે એકમો લખતા નથી.)

"સં. ૧૯૬૮ દ્વિતીય અષાડ સુદ ૧૪ શનિવાર, તા. ૨૭ જુલાઇ ૧૯૧૨, અમદાવાદ. પૃ. ૩૭૮
,, ,, ,, રવિવાર, તા. ૨૮ ,, ,, ,, પૃ. ૩૭૯

(આમાં તેઓશ્રીએ ચોમાસી ચૌદશ બે જણાવી છે, પણ બે તેરસો લખી નથી.)

"સં. ૧૯૬૮ આસો સુદ ૧૪ ગુરૂવાર, તા. ૨૪ ઓકટોમ્બર ૧૯૧૨ અમદાવાદ પૃ. ૪૫૬
,, ,, ,, શુક્રવાર, તા. ૨૫ ,, ,, ,, પૃ. ૪૫૮

(આમાં પણ શાશ્વત ઓલિની બે ચૌદશો છે તેજ બતાવી છે, પણ તેને લોપીને બે તેરસો માની નથી.)

## ક્ષય માટે

"સં. ૧૯૬૮ જેઠ સુદ ૧૦ રવિવાર, તા. ૨૬ મે ૧૯૧૨ ખેડા. પૃ. ૩૧૦
,, ,, ૧૨ સોમવાર, તા. ૨૭ ,, કણેરા. પૃ. ૩૧૧

(અહીં સુદ ૧૧ પર્વ તિથિનો જે ક્ષય આવ્યો છે તે તેમણે માન્ય રાખ્યો છે પણ તેને બદલે ૧૦નો ક્ષય કર્યો નથી.)

"સં. ૧૯૬૮ ભાદરવા સુદ ૧ ગુરૂવાર, તા. ૧૨ સપ્ટેમ્બર ૧૯૧૨ અમદાવાદ પૃ. ૪૨૧
,, ,, ૩ શુક્રવાર, તા. ૧૩ ,, ,, ,, પૃ. ૪૨૨"

(અહીં તેઓશ્રીએ શ્રી પર્યુષણા પર્વમાં બીજનો ક્ષય હોવાનું એટલે કે-એકમ બીજ ભેગાં હોવાનું જણાવ્યું છે, પરંતુ બીજના ક્ષયને બદલે એકમનો ક્ષય કર્યો નથી.)

સ્વર્ગસ્થ સૂરિજીની આ નોંધો આજે ફેલાવાતી ગેરસમજ ઉપર જબ્બર પ્રકાશ નાખી જાય છે. એ ઉપરથી સમજાશે કે-'આપણામાં બે આઠમ, બે ચૌદશ કે આઠમ ચૌદશનો ક્ષય વિગેરે થાય જ નહિ, મનાય જ નહિ, એવી જે સમજ જૈન સમાજના કેટલાક સ્ત્રી-પુરૂષોના મગજમાં પેસી ગઈ છે, તે તદ્દન ગેરવ્યાજબી છે અને હવે તે સત્વર કાઢી જ નાખવી રહી. જો એમ ન મનાતું હોત તો ઉપર પ્રમાણે બીજ ચૌદશ વિગેરેની ક્ષય વૃદ્ધિ યથાવત્ સ્વર્ગસ્થ સૂરિજી પોતાના પુસ્તકમાં લખી દેત નહિ

મતાગ્રહના આજના ઝેરી વાતાવરણમાં મતાગ્રહને બાજુએ રાખી એક શ્રી જૈનશાસનના ઉદયની દૃષ્ટિએ આ પુસ્તકનો નિષ્પક્ષપણે આદર કરવાની અમો સુજ્ઞ વાંચકોને નમ્ર વિનંતિ કરીએ છીએ. આ પુસ્તકના પ્રકાશનમાં અમારા પૂર્વ અને પશ્ચાત થયેલા માનવંતા સહાયકોનો અમો આભાર માનીએ છીએ. આ પુસ્તકના સંશોધનમાં તથા સમુચિત મુદ્રણ કરાવવામાં સારી કાળજી ધરાવવા છતાં કાંઈક આમલ પાછલ, તથા અશુદ્ધિ વિગેરે ખલતીઓ રહી જવા પામી હોય તેને સુજ્ઞ વાંચકો સુધારી લેશે, એવી અમે આશા રાખી તથા ભુલચૂકની ક્ષમા માગી અત્રે વિરમીએ છીએ.

માનદ મંત્રી શ્રી. મુ જ્ઞા.

# વિષયસૂચિ


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | બાલાવબોધકારનું મંગલાચરણ તથા ઉદ્દેશ કથન. | ૧ |
| | ગાથા ૧ | ૨ |
| ૨ | મૂલકારનો નમસ્કાર તથા ઉદ્દેશ કથન. | |
| | ગાથા ૨ | ૨–૪ |
| ૩ | આઠમ, ચૌદશ, ચોમાસી તથા સંવત્સરીનું આરાધ્યપણું | ૨ |
| | ગાથા ૩ | ૪ |
| ૪ | અષ્ટમ્યાદિ તિથિઓ ન આરાધે તો પ્રાયશ્ચિત | ,, |
| | ગાથા ૪ | ૫–૭ |
| ૫ | ક્ષયમાં પૂર્વ તિથિ લેવી અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ લેવી | ૫ |
| ૬ | ક્ષીણ ચતુર્દશી પુનમે નહિ કિન્તુ તેરસે કરવી | ,, |
| ૭ | પ્રાયશ્ચિત્તાદિક વિધિમાં ચૌદશ કહેવાય | ૬ |
| ૮ | ઉદય તિથિ પ્રમાણ કરવી | ,, |
| ૯ | ચૌદશ આદિના ક્ષયે તેરસ આદિના યે વ્યવહારનો નિર્ણય | ૭ |
| | ગાથા ૫ | ૮–૯ |
| ૧૦ | કલ્યાણકની યે પર્વતા | ૮ |
| ૧૧ | પુનમે ચૌદશ કરો તો એકલી પુનમ જ આરાધાય, ચૌદશ નહિ. | ,, |
| ૧૨ | પુનમના ક્ષયે ચૌદશ પુનમ ભેગાં હોવાથી બેય આરાધાય છે. | ,, |
| (ક) | તેરસ આદિના વ્યવહારનો સામા પક્ષે કરેલો સ્વીકાર. (ટિપ્પણ) | ,, |
| (ખ) | ક્ષીણ તિથિનો સ્વતંત્ર સૂર્યોદય આરાધનામાં અપેક્ષિત નથી. (ટિ૦) | ૯ |
| | ગાથા ૬ | ૧૦–૧૨ |
| ૧૩ | ચૌદશ ક્ષયે કલ્યાણક તેરસનો ઉપવાસ તેરસના વ્યપદેશથી કરી શકાય. | ૧૦ |
| (ગ) | પુનમના ક્ષયે છઠ્ઠ તપનો અભિગ્રહી ચૌદશની આગલ પાછળનો દિન લઈ તપ પૂરો કરી શકે, પણ તિથિ ફેરવી શકે નહિ. (ટિપ્પણ) | ૧૧ |
| ૧૪ | ચૌદશના ક્ષયે તેરસે આરાધના કરવી પણ તેરસનો ક્ષય કરવો નહિ. | ૧૨ |
| | ગાથા ૭ | ૧૨–૧૩ |
| ૧૫ | આરાધનાનો અર્થ તિથિ હોય તે જ દિવસ લે. | ,, |
| | ગાથા ૮ | ૧૩ |
| ૧૬ | અન્યથા કહેનારની શંકાનું સમાધાનઃ | ,, |
| | ગાથા ૯ | ૧૩–૧૪ |
| ૧૭ | કાર્યકારણ ભાવ અને તેના ઉપચારની સમજૂતિ. | ૧૪ |
| | ગાથા ૧૦ | ૧૪–૧૫ |
| ૧૮ | પુનમ એ ચૌદશનું કારણ નથી. | ૧૫ |
| | ગાથા ૧૧ | ,, |
| (ઘ) | તેરસ ત્રીજ એ પુનમ પાંચમનું પણ કારણ નથી. (ટિપ્પણ) | ,, |
| | ગાથા ૧૨ | ૧૬–૧૭ |
| ૧૯ | ક્ષીણ ચૌદશ તેરસ ભેગીજ કરવી. | ૧૬ |
| (ચ) | તેમ ક્ષીણ પુનમ, પાંચમ પણ ચૌદશ, ચોથ ભેગીજ કરવી. (ટિ૦) | ૧૭ |
| | ગાથા ૧૩ | ,, |
| ૨૦ | દૃષ્ટાંતનું સમર્થન | ,, |
| | ગાથા ૧૪ | ૧૮ |
| ૨૧ | પુનમે પખ્ખી છે જ નહિ. | ,, |
| | ગાથા ૧૫–૧૬ | ૧૮–૨૦ |
| ૨૨ | બધી પુનમો વિગેરે ચૌદશ વગેરે જેવી આરાધ્ય નથી. | ૧૯ |


ગાથા ૧૭ ૨૦-૨૧
૨૩ ઉદય, ક્ષીણ, કે વૃદ્ધ ત્રણેમાં તિથિ ભોગ સમાપ્તિનો દિવસ લેવો. ૨૦
૨૪ તિથિ વધ્યે બીજી જ લેવી, ઘટયે પૂર્વની જ લેવી. ૨૧
૨૫ એક દિવસમાં બે તિથિ ભોગ સમાપ્ત થતાં બેય માનવી. ,,
(૭) કહેવાતા સંસ્કાર વિગેરેનું માયાવીપણું.(ટિ૦)૨૨
ગાથા ૧૮ ૨૨-૨૩
૨૬ સમાપ્તિના દિવસને જ પ્રમાણ ગણવાનો લોકવ્યવહાર ૨૨
૨૭ એક દિવસે બે કાર્ય કરવાની માફક બે તિથિમાન્યતાની પ્રામાણિકતા. ૨૩
ગાથા ૧૯ ૨૩-૨૫
૨૮ ક્ષીણ કે વૃદ્ધ તિથિ સ્વભોગની દ્રષ્ટિએ એક અખંડ છે. ૨૪
ગાથા ૨૦-૨૧ ૨૫-૨૮
૨૯ ચોથે સંવત્સરી અને ચૌદશે ચોમાસી. ૨૬
૩૦ છતાં પાંચમ પુનમનો આગ્રહ ધરવો તે આજ્ઞાનું વિરાધકપણું છે. ૨૭
ગાથા ૨૨ ૨૮
૩૧ પૂર્ણિમાદિ બીજી તિથિઓએ પૌષધાદિકનો નિયમ નહિ હોવા વિષે. ,,
ગાથા ૨૩ ૨૯-૩૫
૩૨ કહેલી ક્રિયા ન કરે અને ન કહેલી કરે તે મહાપ્રમાદીઓનું સ્વરૂપ. ૨૯
(૪) પૂર્ણિમાદિની ક્ષયવૃદ્ધિએ તેરસ આદિની ક્ષય વૃદ્ધિ કરવાથી થતો અધિક ક્રિયાદકનો દોષ (ટિ.) ૩૦
(૩) 'ચૌદશક્ષયે તેરસ વગરે નજ કહેવાય' એમ નથી તેનો વધુ સ્ફોટ. ( ટિ૦ ) ૩૧
૩૩ 'પ્રતિનિયત દિવસાનુષ્ઠેયૌસ'નો ખુલાસો ૩૩
ગાથા ૨૪ ૩૫
૩૪ બીજી તિથિઓએ પૌષધ વિગેરે કરે તેના નિષેધ નથી. ,,
ગાથા ૨૫ ૩૬
૩૫ તિથિ આરાધન ક્યારે કરવું તે શંકા ટાળવા માટે શ્રી તત્ત્વતરંગિણી. ,,
(૮) ભાષાકારનો અન્ત્યોલ્લેખ ,,


---

## શુદ્ધિપત્રક

| अशुद्ध | शुद्ध | पंक्ति | पृष्ट |
|---|---|---|---|
| ०बोधिबो० | ०बोधबो० | ७ | १ |
| 'અવતરણિકા' એ વાક્ય ન જોઇએ. | | ૧૬ | ૪ |
| 'तिथि त्रूटतइ...थी कहिउं छइ–' સુધીનો પાઠ 'ગાથા ૪ થી' એ મથાળા ઉપર મૂલની નીચે જોઇએ. | | ૧૨ | ૫ |
| અહે ! | અહો ! | ૧૨ | ૭ |
| 'હવે ગ્રંથકારે ટીકામાં જે કહ્યું છે કે–'એ વાક્ય ન જોઇએ. | | ૨૩ | ૮ |
| રાહ પકડે | રાહ છોડી દઇને સાચો રાહ પકડે | ૨૫ | ૯ |
| कटक्का | कुटक्का | ७ | १० |
| કરી વિચાર કરી સિદ્ધાંત | કરી સિદ્ધાંત | ૨૯ | ૧૧ |
| સ્થલને જોતાં | સ્થલનો વિચાર કરી જોતાં | ૩૦ | ,, |
| સિદ્ધિ બે | સિદ્ધિ પામ્યું. બે | ૨૦ | ૧૬ |
| પ્રિચ્છી છું. | પ્રિચ્છીશું. | ૩૨ | ૨૨ |
| "ચોથે | (ભાષા) "ચોથે | ૧ | ૨૭ |
| ०णकुउए | ०णउए | ७ | ,, |
| जयंतवंती | जयवंती | ५ | ३६ |
| ०कतश्रीतत्ह० | ०कृतश्रीतत्त्व० | १३ | ,, |
| ०बाहाव० | ०बालाव० | ,, | ,, |
| શાલામાં | શાલાયાં | ૨૪ | ,, |

पूज्यपाद प्रशमपीयूषपयोनिधि, परमाराध्य, प्रातःस्मरणीय,
शान्ततपोमूर्ति, श्रीसंघस्थविर, वयोवृद्ध
आचार्यदेव श्रीमद्



जन्म-
वि. सं. १९११
श्रावण शुद १५
अमदावाद

卐

दीक्षा-
वि. सं. १९३४
जेठ वद २
अमदावाद

गणी-पंन्यासपद-
वि. सं. १९५७
अषाड शुद ११
सुरत

卐

आचार्यपद-
वि. सं. १९७५
महा शुद ५
महेसाणा

विजयसिद्धिसूरीश्वरजी महाराज.

卐

ॐ नमोऽर्हते श्रीवर्धमानस्वामिने ।

अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणेशाय नमः ।

सिद्धान्तमहोदधितपोगच्छगगनदिनमण्याचार्यविजयप्रेमसूरिपुरन्दरपरमगुरवे नमः ।

श्रीचिरंतनमुनिमहत्तमकृतउपाध्यायश्रीधर्मसागरगणिविरचित-

# श्रीतत्त्वतरंगिणी-बालावबोध

पूज्यआचार्यविजयप्रेमसूरिपट्टप्रभावकपूज्यआचार्यविजयजंबुसूरीश्वरकृता

सटिप्पनक श्री तत्वतरंगिणी बालावबोधिबोधिनी भाषा

श्रीसिद्धार्थमहीपालकुलाम्भोरुहभास्करम् ।
श्रीवर्धमानमानम्य, स्वप्रभापुञ्जमञ्जुलम् ॥ १ ॥
प्रतिभापोतनिस्तार्य श्रुतसागरपारगैः ।
या चक्रे पाठकोत्तंसैर्धर्मसागरनामभिः ॥ २ ॥
अल्पधीरपि शुद्धात्मा, हितार्थ(र्थं)तनुमेधसाम् ।
तस्यास्तत्त्वतरङ्गिण्याः, कुर्वे बालावबोधनम् ॥ ३ ॥

બાલાવબોધકારના નમસ્કાર શ્લોક ૩

(ભાષા) "૧ પોતાની કાન્તિના ઢગથી મનોહર શ્રીસિદ્ધાર્થરાજાના કુલકમલ માટે સૂર્યસમા શ્રીવર્ધમાનજીનને નમીને

"૨ શ્રુતસમુદ્રનો પાર પામેલા ઉપાધ્યાયોમાં ઉત્તમ શ્રીધર્મસાગરજી વડે વિશેષ બુદ્ધિરૂપી નૌકાથી કાઢીને જે બનાવાયેલી છે

"૩ તે [1]તત્ત્વતરંગિણીનો [2]બાલાવબોધ હું અલ્પબુદ્ધિ છતાં શુદ્ધહૃદયી અલ્પબુદ્ધિઓના હિત માટે કરૂં છું."

---

૧ સં. ૧૬૧૫ માં ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજી ગણિવર્યે સંસ્કૃત ભાષામાં રચેલો આ ગ્રંથ છે. તે આરાધના વિષયક તિથિ સંબંધી શ્રીતપાગચ્છની સુવિશુદ્ધ સામાચારીનું પ્રતિપક્ષીઓનું ખંડન કરવા પૂર્વક પ્રતિપાદન કરે છે. તિથિચર્ચાના વા વંટોલમાં આ એક શુદ્ધ માર્ગદર્શક પ્રમાણિત ગ્રંથ છે.

૨ સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ જીવોને તેનો અર્થ ભાષામાં સરલતાથી સમજાય તેવી ગ્રંથ રચનાને પ્રાચીન ભાષામાં બાલાવબોધ કહેવામાં આવે છે.

इह ग्रंथनी आदइं अभिमतग्रन्थसमाप्तिनइं अर्थिइं विघ्ननउ विनाशक जे अभीष्टदेवता श्रीमहावीर तेहनइं ग्रंथनु करणहार नमस्कार करइ छइ—

**नमिऊण वद्धमाणं, तित्थयरं तस्स तित्थमवि सारं ।**
**वुच्छामि तिहिवियारं, तत्ततरंगिणिमहासुत्तं ॥ १ ॥**

'**नमिऊण**' कहिता नमस्करीइ, कउण प्रतिइं ? '**श्रीवर्धमान**' स्वामिप्रतिइं । किसिउ छइ ते श्री वर्धमानं ? '**तीर्थंकर**' छइ, '**तीर्थ**' कहिइ चतुर्विध संघ तेहनु करणहार छइ । वलीं किसिउ छइ ? '**सार**' कहीइ सर्वोत्तम छइ, अथवा '**सा**' कहीइ चउत्रीस अतिशयरूप लक्ष्मी तिणइ करीनइं '**र**' कहितां शोभइ छइ । '**अपि**' कहितां वैली । '**तस्स**' कहितां तेहनुं जे तीर्थ संघरूप तेह प्रतिइं नमस्करीनइं, '**अहासुत्तं**' यथासूत्र, जिम सूत्रमांहि छइ तीणइ प्रकारइं **तत्त्वतरंगिणी**नाम प्रकरण तेह प्रतिइं '**वुच्छामि**' कहेतां कहीसिइ । इति गाथार्थः ॥ १ ॥

ગાથા ૧ લી

**અવતરણિકા**

(ભાષા) "અહીં ગ્રન્થની આદિમાં ઇચ્છિત ગ્રન્થની સમાપ્તિને માટે વિઘ્નના વિનાશક જે અભીષ્ટ દેવતા શ્રીમહાવીર તેમને ગ્રન્થના [1]કર્ત્તા નમસ્કાર કરે છે."

(ભાષા) "नमि ण" કહેતાં નમસ્કાર કરીને, કોણ પ્રત્યે ? શ્રીવર્ધમાનસ્વામી પ્રત્યે, કેવા છે તે શ્રીવર્ધમાન ? 'तीर्थंकर' છે. 'तीर्थ' કહેતાં ચતુર્વિધ સંઘ, તેના કરનારા છે વલી કેવા છે ? 'સાર' કહેતાં સર્વોત્તમ છે અથવા 'સા' કહેતાં ચોત્રીસ અતિશય રૂપ લક્ષ્મી તેને કરીને 'ર' કહેતાં શોભે છે. 'अपि' કહેતાં વલી 'तस्स' કહેતાં તેમનું જે તીર્થ સંઘરૂપ તે પ્રત્યે નમસ્કાર કરીને 'अहासुत्तं' યથાસૂત્ર જેમ સૂત્રમાં છે તે પ્રકારે તત્ત્વતરંગિણી નામ પ્રકરણ તે પ્રત્યે 'वुच्छामि' કહેતાં કહીશ. એમ ગાથાનો અર્થ થયો."[1]

कउण तिथि किसी विधिइं आराधवी ? एहवुं उत्तर गाथाइं कहीइ छइ—

**अट्ठमिचउद्दसीसुं, पच्छित्तं जइ य न कुणइ चउत्थं ।**
**चउमासीए छट्ठं, तह अट्ठम वासपव्वम्मि ॥ २ ॥**

अष्टमी अनइं चतुर्दशी तेहनइं विषइ '**चउत्थ**' कहीइ एक उपवास, अनइ चतुर्मासीनइ विषइ '**छट्ठ**' कहीइ उपवास २, '**वर्षपर्व**' कहीइ पजूसण, तेहनइ विषइ '**अट्ठम**' कहीइ उपवास ३, जउ छती शक्तिइं न करइ तउ प्रायश्चित्त आवइ, ते तउ घणे ग्रन्थे कहिउं छइ ते लिखीइ छइ, यथा—

---

१ ઉપાધ્યાયજી શ્રીધર્મસાગરજી ગણીવર્ય.

## ગાથા ૨ જી

અવતરણિકા

(ભાષા) "કઈ તિથિ કઈ વિધિથી આરાધવી તે બીજી ગાથાથી કહે છે."

(ભાષા) "આઠમ અને ચૌદશ તેને વિષે **चउत्थ** કહેતાં એક ઉપવાસ, અને ચોમાસીને વિષે **छट्ठ** કહેતાં ઉપવાસ બે, **वर्षपर्व** કહેતાં પજૂસણ, તેને વિષે **अट्ठम** કહેતાં ઉપવાસ ત્રણ જો છતી શક્તિએ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે. તે તો ઘણા ગ્રંથમાં કહ્યું છે, તે લખીએ છીએ જેમકે—

"संते बलवीरियपुरिसयारपरक्कमे अट्ठमि चउद्दसीनाणपंचमीपज्जोसवणाचाउम्मासि(सी)ए चउत्थऽट्ठमछट्ठे न करिज्जा पच्छित्तं" इति **श्रीमहानिशीथे**। तथा—

"બલ વીર્ય પુરૂષકાર પરાક્રમ શક્તિ હોય છતાં આઠમ ચૌદશ જ્ઞાનપાંચમ સંવત્સરી ચોમાસીના ઉપવાસ અટ્ઠમ-છઠ્ઠ ન કરે તો પ્રાયશ્ચિત આવે" એમ **શ્રીમહાનિશીથ-સૂત્રમાં** કહ્યું છે. તથા—

"अट्ठमीए चउत्थं पक्खीए चउत्थं चउमासीए छट्ठं संवच्छरीए य अट्ठमं न करेति पच्छित्त, च शब्दात् एएसु चेव चेइयाइं साहुणो वा जे अण्णाए वसहीए ठिआ ते न वंदति पच्छित्तं।" इति **व्यवहारपीठचूर्णौ**। तथा—

"આઠમે ઉપવાસ, પખ્ખીનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ અને સંવત્સરીએ અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત, "च" શબ્દથી એજ દિવસોમાં જિનમંદિરોને અને અન્યઉપાશ્રયમાં રહેલા સાધુઓને ન વાંદે તો પ્રાયશ્ચિત્ત આવે," એ પ્રમાણે **શ્રીવ્યવહારસૂત્રની પીઠિકાની ચૂર્ણિમાં કહ્યું છે.**

"एतेषु चाष्टम्यादिषु च दिवसेषु चैत्यानामन्यवसतिगतसाधूनां चावन्दने प्रत्येकं प्रायश्चित्तम्।" इति **व्यवहारपीठे वृत्ति**।

"આ અષ્ટમી આદિ દિવસોમાં શ્રીજિનમંદિરોને અને અન્ય ઉપાશ્રયમાં રહેલા સાધુઓને ન વાંદે તો દરેકમાં પ્રાયશ્ચિત્ત આવે," એમ **શ્રીવ્યવહારસૂત્રની પીઠિકાની ટીકામાં** કહ્યું છે.

"अट्ठमि चउद्दसीसुं अरिहंता साहुणो य वंदेयव्वा।" इति **आवश्यकचूर्णौ**।

"આઠમ ચૌદશે અરિહંત ભગવંતો અને સાધુ મહારાજો વાંદવા જોઈએ." એમ **શ્રીઆવશ્યકસૂત્રચૂર્ણિમાં** કહ્યું છે.

"अट्ठमिचउद्दसीसुं उववासकरणं।" इति **पाक्षिकचूर्णौ**।

"આઠમ ચૌદશે ઉપવાસ કરવો" એમ **શ્રીપાક્ષિકચૂર્ણિમાં** કહ્યું છે.

इणइ प्रकारइ निशीथव्यवहारचूर्ण्यादिकनइं विषइं चैत्यपरिवाडि सुविहितयतिनुं वांदवुं अनइ चउत्थादिक तप एह प्रमुख जे पाषी(खी)संबंधियां कर्तव्य कहियां ते कर्तव्य आगमनइं विषइ चउदसीइं ज कहियां छइ पणि पूर्णिमादिकपर्वनइं विषइ कहियां नथी, एहवुं हुंतइ छतइ जे पूर्णिमादिक अंगीकरइ ते जिनवचनथिकु विमुख जाणिवा। ते कारण भणा एह ज प्रकरणनइं विषइ "**नेवं कयाइ भूयं**" एहवी कहीती जे चउदमी गाथा तिहां कणि संदेह न करवउ, इति गाथार्थः ॥ २ ॥

"આ પ્રકારે નિશીથવ્યવહારચૂર્ણિઆદિને વિષે ચૈત્યપરિપાટી, સુવિહિત સાધુનું વાંદવું, અને ઉપવાસાદિક તપ, એ પ્રમુખ જે પખ્ખી સંબંધી કર્ત્તવ્ય કહ્યું તે કર્ત્તવ્ય આગમને વિષે ચૌદશે જ કહ્યાં છે પણ પૂર્ણિમાદિક પર્વને વિષે કહ્યાં નથી, એમ હોવા છતાં જેઓ પૂર્ણિમાદિકને અંગીકારે તેઓને જિનવચનથી વિમુખ જાણવા. તે કારણથી આ જ પ્રકરણને વિષે " नेवं कयाइ भूयं " એમ કહેતી જે ચૌદમી ગાથા કહી છે તેમાં સંદેહ ન કરવો. એમ ગાથાનો અર્થ થયો." ૨.

**जिणहरजिणबिंबाइं, सव्वाइं साहुणो य सव्वे वि।**
**नो वंदइ पच्छित्तं, पुव्वुद्दिट्ठेसु पव्वेसु ॥ ३ ॥**

ए गाथा सुगम छइ। ग्रन्थांतरनी संमति तु पूर्विइं देषा(खा)डी छइ ते जाणज्यो ॥ ३ ॥

ગાથા ૩ ની

**અવતરણિકા**

(ભાષા) "એ[1] ગાથા સુગમ છે. ગ્રંથાતરની સંમતિ તો પૂર્વે દેખાડી છે. તે જાણજો." ॥ ૩ ॥

---

૧ આ ગાથા સુગમ છે છતાં તેની ખુદ્દ૦ઉ૦ શ્રીધર્મસાગરજી કૃત ટીકાનો ઉલ્લેખ અમારી લખેલી **શ્રીપર્વતિથિપ્રકાશ** ચોપડીના પૃ. ૧૦ ફુટનોટમાં પ્રત્યન્તરમાંથી નીચે પ્રમાણે આપ્યો છે—

"**व्याख्या**—'जिनगृहेषु' अर्हच्चैत्येषु, जिनबिम्बानि—जिनप्रतिमा तानि सर्वाणि, साधूंश्च सर्वानपि नो वन्दते प्रायश्चित्तं पूर्वोद्दिष्टेषु—अनन्तरितगाथायां दर्शितेषु पर्वसु—अष्टम्यादिषु, इति गाथार्थः" ॥३॥

આનો અનુવાદ અમોએ ઉપર્યુક્ત પુસ્તકના પૃ ૯ માં નીચે પ્રમાણે લખ્યો છે—

પૂર્વોક્ત ગાથામાં જણાવેલ અષ્ટમી ચતુર્દશી ચાતુર્માસી અને સંવત્સરી પર્વ દિવસે સર્વ જિનમંદિરોમાં શ્રીજિનપ્રતિમાને અને સર્વ સાધુઓને પણ જો ન વાંદે તો પ્રાયશ્ચિત આવે."

"આ વ્યાખ્યાના આધારે કરેલા ગાથાનુવાદને શુદ્ધબુદ્ધિથી જોનાર પ્રત્યેક સરલ વાચકને દિવા જેવું દેખાશે કે એમાં અજાણતે પણ કશોય ઉલ્ટો કે જુઠો અર્થ કરવામાં આવ્યો નથી. તદ્દન સાચો અને સંગત જ અર્થ કરેલો છે તથાપિ સં. ૧૯૯૭ ના ચૈત્ર વદ ૧૩ ગુરૂવારે પાલીતાણામાં શ્રીમાન્ આચાર્ય સાગરાનન્દસૂરિજીએ અમોને લખ્યું કે—

"૧ તત્વતરંગિણીની ત્રીજી ગાથાનો અનુવાદ જાણી જોઇને ઉલ્ટો અને જુઠો કરેલો છે, એમ સાબીત કરવા તૈયાર છું."

हवइ तिथि त्रुटतइ अनइं वाधतइ कउण तिथि आराधवी ? एहवी शंका टालवानइं काजइं आगिली गाथा कहीइ छइ—

**तिहिवाए पुव्वतिहो, अहियाए उत्तरा य गहियव्वा ।**
**हीणा वि चउद्दसि पुण, न पमाणं पुण्णिमादिवसे ॥ ४ ॥**

**ગાથા ૪ થી**

**અવતરણિકા**

(ભાષા) "હવે તિથિ ત્રુટતે અને વધતે કઈ તિથિ આરાધવી? એવી શંકા ટાલવાને કાજે આગલી ગાથા કહે છે."

(ભાષા) "તિથિ ત્રુટે હુંતે-છતે પૂર્વિલી-પહેલાંની તિથિ લેવી, અને વધતે આગિલી-પછીની ગ્રહવી-લેવી,[1] એ આપણી-પોતાની મતિકલ્પનાથી અમે કહેતા નથી. કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે—

तिथि त्रूटतइ हुंतइ पूर्विली तिथि लेवी, अनइ वाधतइ आगिली ग्रहिवी । ए आपणी मतिकल्पनाइं अह्मे(म्हे) कहिता नथी, जेह भणी शास्त्रमाहिं कहिउं छइ—

"क्षये पूर्वा तिथिर्ग्राह्या, वृद्धौ कार्या तथोत्तरा । श्रीमद्वीरस्य निर्वाणं, कार्यं लोकानुसारतः" ॥१॥

અર્થાત્—"ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિ લેવી અને વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર-પછીની તિથિ લેવી. શ્રીવીરભગવાનનું નિર્વાણ કલ્યાણક લોકાનુસારે કરવું."

इम न कहिवुं जे ए वचन अह्मे(म्हे) न मानिउं जेह भणी तुह्मा(म्हा)रइ पूर्वाचार्यइं मानिउं छइ । हवइ कोइ एक एहवुं अंगीकरीइनइं मिथ्याज्ञानभणी अनइ आपणी मतिना तुच्छपणाथिकु अर्धजरतीयन्यायप्रतिइं अनुसरइ, एक स्त्री अर्धांगि डोकरी अनइं अर्धांगि छोकरी ए अर्धजरतीयन्याय कहीइ । 'आठमिनइं छेदइं सातमि मानइं, अनइं चउदसिनइं छेदइं पूर्णिमा मानइ,' ए अर्धजरतीय न्यायप्रतिइं अंगीकरता एहवा जे पुरुष ते आश्रीनइं उत्तरार्ध कहीइ छइ—'**हीणा वि०**' । त्रुटीए चतुर्दशी पूर्णिमानइं विषइ प्रमाण न करवी जेह भणी पूर्णिमाइं चतुर्दशीनु गंधइ नथी । जे पूर्णिमाइं पाषी(खी) मानइ ते पुरुष महासाहसिक जाणिवा, जेतला माटइ जिनवचनथिकु विपरीतमार्गनइं विषइ प्रवर्तइ छइ, जिनवचनविपरीतमार्गना प्रवर्तक तु उत्सूत्रभाषक कहिया छइ । तेह भणी त्रुटी

---

આ કેવી જુઠી ચેલેંજ છે, તે વાંચકો સહેજે કળી શકશે. આ સંબંધીનો આખો પત્ર વ્યવહાર "**શ્રી 'પ્રશ્નોત્તરહોંતેરી'** પૃ. ૩૧ પરિશિષ્ટમાં અમોએ જણાવેલો છે. અત્રે ધ્યાનમાં રહે કે શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી સંપાદિત શ્રીતત્ત્વતરંગિણીમાં તો ઉપલો ટીકા પાઠ મુદ્દલે આપ્યો નથી, "**निगदसिद्धैव**" કરીને ચાલ્યા ગયા છે. એટલું પણ જો તેઓએ જોયું હોત તો આવી અર્થવિનાની ચેલેન્જો ફેંકયા કરવાનું સાહસ કદાપિ થઇ શકત નહિ.

૧ આ ઉપરથી સમજી શકાશે કે જેઓ 'બાર પર્વમાં ક્ષય હોય ત્યારે પૂર્વ કે પૂર્વતર તિથિનો

चतुर्दशी त्रयोदशीइं ज करवी, जउ जिनवचनअभीष्ट छइ, तेरसिं चउदसि करवानी युक्ति आगलि कहीसिइ । त्रुटी जे चतुर्दशी तेहनइं तेरसिंमाइ अणमानवइ करीनइ कदाग्रही कोइ एक एहवुं कहइ जे–'औदयिकतिथिनुं मानवुं अनइ बीजी तिथिनुं अणमानवुं ए आपण बिहुंनइं मिलतुं छइ' तेह भणी किम कांई तेरसिइं त्रुटीचतुर्दशी करवी ? एहवुं ते मुग्धवाक्य जाणिवुं, जेतला माटइ त्रुटीचउदसिनी तेरसिमइं विषइ तेरसिनु व्यवहार नथी, साहमुं प्रायश्चित्तादिकना विधिनइ विषइ चतुर्दशीपणइं कहीइ छइ, जेह भणी सिद्धांतमाहिं कहिउं छइ—

"એમ ન કહેવું કે એ વચન અમે ન માનીએ, કારણ કે તમારા પૂર્વાચાર્યે માન્યું છે. હવે કોઈ એક એવું અંગીકરીને મિથ્યાજ્ઞાને કરીને અને પોતાની મતિના તુચ્છપણાથી 'અર્ધજરતીય' ન્યાયને અનુસરે, જેમકે એક સ્ત્રી અર્ધાંગે ડોસી અને અર્ધાંગે છોકરી હોય તે અર્ધજરતીય ન્યાય કહેવાય, આઠમને ક્ષયે સાતમ માને અને ચઉદશને ક્ષયે પૂર્ણિમા માને, તે અર્ધજરતીય ન્યાયને અંગીકારતા એવા જે પુરૂષ તે આશ્રીને ઉત્તરાર્દ્ધ કહે છે– हीणा वि०, તુટેલી-ક્ષીણ ચતુર્દશી પૂર્ણિમાને વિષે પ્રમાણ ન કરવી, કારણ પૂર્ણિમાએ ચૌદશની ગંધે નથી. જે પૂર્ણિમાએ પખ્ખી માને તે પુરૂષ મહાપાક્ષિક જાણવા, કારણ જિનવચનથકી વિપરીત માર્ગને વિષે પ્રવર્ત્તે છે, જિનવચન વિપરીત માર્ગના પ્રવર્તક તો ઉત્સૂત્રભાષક કહ્યા છે. તે કારણથી ક્ષીણ ચતુર્દશી ત્રયોદશીએ જ કરવી, જો જિનવચન અભીષ્ટ છે, (તો). તેરસે ચૌદશ કરવાની યુક્તિ આગળ કહેશે. ક્ષીણ જે ચૌદશ તેને તેરસમાં અણમાનવે કરીને કદાગ્રહી કોઈ એક એહવું કહે કે 'ઔદયિક તિથિનું માનવું અને બીજી તિથિનું અણમાનવું એ આપણ બેને મળતું છે તે કારણથી શા માટે તેરસે ત્રુટેલી ચૌદશ કરવી ?' એવું તે આ તેનું મુગ્ધવાક્ય જાણવું, કારણ ક્ષીણ ચતુર્દશીની તેરસને વિષે તેરસનો વ્યવહાર નથી, સામું પ્રાયશ્ચિત્તાદિકના વિધિને વિષે ચૌદશપણે કહીએ છીએ. જે માટે સિદ્ધાંતમાં કહ્યું છે—

"संवच्छरचउमासिय अट्ठाहियपमुहपव्वसु तिहीसु । ताउ पमाणं भणिया जाओं सूरो उदयमेइ" ॥१॥

અર્થાત્–"સંવત્સરી, ચાતુર્માસી, અષ્ટાહ્નિકા પ્રમુખ પર્વતિથિઓમાં તે પ્રમાણ કહેલી છે કે જેમાં સૂર્ય ઉદય પામ્યો હોય."

"अह जइ कहवि न लब्भंति ताओ सूरुग्गमेणजुत्ताओ । ता अवरविद्धअवरा, वि हुज्ज—नहु पुव्वतव्विद्धा" ॥२॥

आगिली गाथानु अर्थ लिखीइ छइ–अह० जउ सूर्यनइं उदइं करी सहित तिथि पामीइं नहीं तउ अवरा कहिता बीजी आगिली तिथि तीणइ वींधी पूर्विली तिथि आगिली ज जाणिवी । पणि आगिली तिथिइं वींधी हुती पूर्विली कहीइ नहिं ए तुह्मे(म्हे) पणि मानु छउ । जउ इम न हुइ तउ त्रुटी

---

ક્ષય કરવો અને વૃદ્ધિ હોય ત્યારે પૂર્વ કે પૂર્વતર તિથિની વૃદ્ધિ કરવી' એવો અર્થ ઉપજાવી કાઢે છે તેઓ તદ્દન ખોટો અર્થ કરીને ખોટી જ આચરણા આદરી રહ્યા છે.

जे आठमि तेहनुं कर्तव्य सातमिं कीजतुं हुंतुं ए आठमिनुं कर्तव्य ईम कहीइ नहीं ते अष्टमीनुं कर्तव्य नहीं इम न कहिवुं, जेह भणी आज अम्हनइं अष्टमीनु पोसो छइ ईणइ प्रकारइ कहिवइं करीनइ षो(खो)टा बोलापणुं थाइ । हवइ कोइ एक इम कहइ जेह भणी आठमि त्रुटी तेतला माटइ तेहनु कर्तव्य पणि गइउं । तेहनइं इम कहीइ—अहो असत्यभाषीपणुं, जेह भणी माहरो पिता अनइ बाल-ब्रह्मचारी इसिउ न्याय । जेतला माटइ पोसो करीनइं ओलवु छउ । इति गाथार्थः ॥ ४ ॥

"આગલી ગાથાનો અર્થ લખીએ છીએ– અહ૦ જો સૂર્યને ઉદયે કરી સહિત તિથિ પામીએ નહિ તો 'अवरा' કહેતાં બીજી આગલી તિથિ તેને વીંધી પૂર્વની તિથિ આગલી જ જાણવી, પણ આગલીતિથિએ વીંધી થકી પૂર્વની કહીએ નહિ,[1] " એ તમે પણ માનો છો. જો એમ ન હોય તો ક્ષીણ જે અષ્ટમી તેનું કર્તવ્ય સાતમે કરાતું થકું 'એ આઠમનું કર્ત્તવ્ય' એમ કહીએ નહિ. તે અષ્ટમીનું કર્ત્તવ્ય નથી એમ ન કહેવું કારણ કે આજ અમોને આઠમનો પોસહ છે; એ પ્રકારે કહેવે કરીને ખોટા બોલાપણું થાય. હવે કોઈ એમ કહે કે જે, માટે આઠમ ત્રુટી તે માટે તેનું કર્ત્તવ્ય પણ ગયું !' તેને એમ કહીએ–' અહે ! અસત્યભાષીપણું ! કારણ કે મારો પિતા અને બાલ બ્રહ્મચારી એવો ન્યાય (કરો છો), જે માટે પોસો કરીને ઓલવો છો. એમ ગાથાનો અર્થ થયો. ॥૪॥

हवइ चतुःपर्वीमाहिं कहिया माटइ पूर्णिमा आराधनीक छइ तेह भणी पूर्णिमाजनइं विषइ चतुर्दशी करवी, नवमी तु चतुःपर्वीमाहिं नथी तेतला माटइ सातमिमाहिं आठमीनुं अनुष्ठान करिवुं

---

"૧ શ્રીપર્વતિથિ પ્રકાશ પૃ. ૨૭ ટિપ્પણ ૨૮ માં અમોએ આ ગાથાઓનો જે મૂલ ટીકા પાઠ ઉતાર્યો છે, તે આ રહ્યો—

" अत्र प्रथमगाथायाः सुगमत्वेन द्वितीयगाथार्थो यथा—अथ यदि कथमपि 'ताः'—पूर्वोक्ताः 'सूर्योद्गमेन युक्ताः'—अवाप्तसूर्योदया इति यावत् ,न लभ्यन्ते 'ता'—तर्हि 'अवरविद्ध'त्ति—अपरविद्धा क्षीणतिथिभिर्विद्धा—अर्थात्प्राचीनास्तिथयः 'अपरा अपि'—क्षीणतिथिसंज्ञिका अपि, प्राकृतत्वाद्बहर्थे एकवचनं 'हुज्ज'-त्ति—भवेयुः। व्यतिरेकमाह 'न हु'—हुरेवार्थे व्यवहितः संबध्यते, तद्विद्धा सत्यो न 'पूर्वा' त्ति—पूर्वा तिथिनाम्न्य एव भवेयुः किन्तु उत्तरसंज्ञिका अपीति भावः ।"

(ભાવાર્થ)—'આમાં પહેલી ગાથા સુગમ છે. બીજી ગાથાનો અર્થ આ પ્રમાણે છે.' જો કદાપિ પૂર્વે કહેલી તિથિઓ સૂર્યોદયવાળી ન મળે તો ક્ષીણતિથિયુક્ત પૂર્વની તિથિઓ ક્ષીણતિથિની સંજ્ઞાવાળી પણ બને છે. વ્યતિરેકથી કહે છે કે–ક્ષીણતિથિથી વિંધાયેલી પૂર્વની તિથિઓ કેવલ પોતાના પૂર્વનામવાળી જ રહે એમ નહિ કિન્તુ ઉત્તર તિથિના–ક્ષીણતિથિના નામ વાળી પણ બને છે.'

ખુદ ગ્રંથકારના કરેલા આ અર્થથી સ્પષ્ટ સમજાય છે કે ચોદશના ક્ષયે ઔદયિકી તેરસ ચૌદશ યુક્ત છે, તે તેરસ આરાધનાની અપેક્ષાએ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચોદશ પણ કહેવાય છે. આથી તેરસ તેરસ જ છે એમ નહિ પરંતુ અમુક અપેક્ષાએ તેરસ તેરસ પણ છે અને તેરસ ચૌદશ પણ છે.

"આ સ્થલે શ્રીતત્વતરંગિણી ટીકામાં આ પ્રમાણે શંકા સમાધાન પણ કરવામાં આવ્યું છે—

पणि नवमीमाहिं करिवुं नहीं एहवुं जे मित्रनु व्यामोह तेह रूप ज्वर तेहना नाशनइं काजइ प्रधान औषधरूप गाथा कहीइ छइ—

**नाराहणभंतीए, पक्खियकज्जं च पुण्णिमादिवसे।**
**हीणऽट्ठमि कल्लाणग-नवमीए जेण न पमाणं ॥ ५॥**

आराध्यपणइं प्रसिद्ध एहवी ए जे कल्याणकनी नवमी तेहनइं विषइ जेह भणी अष्टमीनुं कर्तव्य करता नथी तेह भणी आराध्यपणानइं भ्रमइं करी पूर्णिमाइं चतुर्दशी मानु छउ तिहियां कांई अक्षर दीसता नथी । हवइ केइ एक जिनवचन अजाणता इम कहइ जे 'कल्याणक नवमी तु चतुःपर्वीमाहिं कही नथी, पूर्णिमा तु चतुःपर्वीमाहिं छइ, तेतला भणी पूर्णिमामाहि पोसा कीजइ पणि कल्याणकनी नवमीमाहिं न करिवो' तेह प्रतिइं इम कहीइ—रे बापडा ! यदापि इम छइ तउहइ पणि सातमिनी अपेक्षाइं कल्याणक नवमी अधिकी ज वली बीजुं दूषण दीजइ—जउ चउदसि अनइ पूनिमि बिहिइ तिथि आराधवी मानु छउ तुह्मा(म्हा)रइ लेखइ पूर्णिमानुं ज आराधवुं हुइ पणि चउदसिनुं आराधवुं न थाइ ! अज्ञाततत्त्व हुंता वली इम कहइ—'जिम अह्मा(म्हा)रइ त्रुटी चउदसीनुं आराधन नथी तिम तुह्मा(म्हा)रइ पणि पूर्णिमा त्रुटइ कउण प्रकार ?' तेहनइं इम कहीई—**रे बापडा !—चउदसिनइ दिहाडइ चउदसि अनइ पूनिमि बिहिइ तिथि छइ, एतला माटइ चउदसिइं ज पूनिमि आराधी** । इति गाथार्थः ॥ ५ ॥

---

" न च प्राक् चतुर्दश्येवेत्युक्तम्, अत्र तु 'अवरा वो'त्येनेन 'अपि' शब्दात् अन्यसंज्ञाऽपि गृह्यते, तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वाद् गौणमुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा । "

અર્થાત્-શંકા-'પહેલાં તમે તેરસને ચૌદશ જ જણાવી અને આ ગાથામાં 'અપિ' શબ્દથી અન્ય-સંજ્ઞાપણું ગ્રહણ કરો છો એટલે કે તેરસ તેરસ પણ છે અને ચૌદશ પણ છે, તો વિરોધ કેમ નહિ ?' સમાધાન-'પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં તેરસને ચૌદશ જ કહેવાનું જણાવેલું હોવાથી અથવા ગૌણ મુખ્ય ભેદે કરીને મુખ્યપણે ચૌદશ જ કહેવાય એ અભિપ્રાયથી અમે કહેલું હોવાથી વિરોધ નથી'

હવે ગ્રંથકારે ટીકામાં જે કહ્યું છે કે—

આમ છતાં તિથિચર્ચાપ્રકરણમાં 'તેરસને તેરસ એવા નામનો પણ અસંભવ છે.' એટલી વાત પકડીને જે કોઇ એમ કહેતા હોય કે-'ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય જ કરવો જોઇએ, તેરસને તેરસ કહેવાય જ નહિ,' તો તે તેઓનો કેવળ મતિવિભ્રમ છે. શ્રીસિદ્ધચક્ર વર્ષ ૯ અંક ૧૩-૧૪ પૃ. ૨૪૧ પ્રશ્ન અને સમાધાનમાં આ. શ્રી સાગરાનન્દસૂરિજીએ કબુલ કર્યું છે કે—અવરાવિ પદથી લૌકિક કાર્યોમાં તેરસ પક્ષ કહેવાય અને પર્વ આરાધનમાં ચૌદશ જ કહેવાય" તેમના શિષ્ય હંસસાગરે પણ શા. સુ. વર્ષ ૧ અંક ૩ પૃ. ૮ માં લખ્યું છે કે—"આપણે તેરસનો ચૌદશ પણે સ્વીકાર કરતા જ નથી, પરંતુ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચાદશ જ છે. એમ વ્યવહાર કરાતો હોવાથી તે દિવસે ચૌદશ જ છે."

## ગાથા ૫ મી

### અવતરણિકા

(ભાષા)—"હવે ચતુષ્પર્વીમાં કહી છે માટે પૂર્ણિમા આરાધનીય છે. તે માટે પૂર્ણિમાને જ વિષે ચતુર્દશી કરવી, નવમી તો ચતુષ્પર્વીમાં નથી. તે માટે સાતમમાં આઠમનું અનુષ્ઠાન કરવું પણ નોમમાં કરવું નહિ," એવો જે મિત્રનો વ્યામોહ તે રૂપ જ્વર-તાવ તેના નાશને માટે પ્રધાન ઔષધ રૂપ ગાથા કહે છે—

(ભાષા)—"આરાધ્યપણે પ્રસિદ્ધ એવીયે જે કલ્યાણકની નવમી તેને વિષે જે કારણથી આઠમનું કર્ત્તવ્ય કરતા નથી તે કારણથી આરાધ્યપણાના ભ્રમે કરી પૂર્ણિમાએ ચતુર્દશી માનો છો ત્યાં કાંઈ અક્ષર દેખાતા નથી. હવે કોઈએક જિન વચન નહિ જાણતો એમ કહે કે 'કલ્યાણક નવમી તો ચતુષ્પર્વીમાં કહી નથી, પૂર્ણિમા તો ચતુષ્પર્વીમાં છે, તેટલા માટે પુનમમાં પોસો કરીએ પણ કલ્યાણકની નોમમાં ન કરવો,' તેના પ્રત્યે એમ કહીએ—'રે, બાપડા! જો કે એમ છે તો પણ સાતમની અપેક્ષાએ કલ્યાણક નોમ જ અધિક બલવાન છે. બીજું દૂષણ દેખાડે છે-'જો ચૌદશ અને પુનમ બન્ને તિથિ આરાધવી માનો છો તો તમારે લેખે પૂર્ણિમાનું જ આરાધવું હોય પણ ચૌદશનું આરાધવું ન થાય. તત્ત્વને નહિ જાણતા થકા વલી એમ કહે—'જેમ અમારે ક્ષીણ ચૌદશનું આરાધન નથી તેમ તમારે પણ પૂનમ ત્રુટે કયો પ્રકાર? (અર્થાત્ તમારે પણ ક્ષીણ પુનમે પૂર્ણિમાનું આરાધન નહિ થાય.) તેને એમ કહીએ—'રે, બાપડા! ચૌદશને દહાડે ચૌદશ અને પુનમ બેહુ તિથિ છે. એટલા માટે ચૌદશે જ પુનમ આરાધી-આરાધાઈ.[૭]' એમ ગાથાનો અર્થ થયો." ૫

### અવતરણિકા

हवइ दीधुं जे औषघ तेहनु रिषे(खे) वमम हुई एहवुं जाणीनइ तेह नइ माहिं राष(ख)वा काजइ रसांगरूप गाथा कहीइ छइ:—

---

આ વસ્તુ ત્યારે જ બને કે જ્યારે ચૌદશ વિગેરેના ક્ષયે તેરસ વિગેરેના કલ્પિત ક્ષયનો આગ્રહ છોડી દેવામાં આવે. આ મહાશયો પોતાના ઉપર્યુક્ત લખાણનો પોતે વિચાર કરીને જો તિથિ આરાધનાનો અભિનિવેશમય કલ્પિત રાહ પકડે તો અમારૂં માનવું છે કે જૈન સમાજમાં સલગતો તિથિ કલહ આજે શમી જાય. અત્રે શ્રી પ્રવચન પરીક્ષાનું ફરમાન ધ્યાનમાં રહે કે 'ક્ષીણ તિથિની આરાધનામાં તેનો સ્વતંત્ર સૂર્યોદય અપેક્ષિત નથી, પૂર્વ તિથિનો સૂર્યોદય જ તેનો સાધક છે, કેમકે ક્ષીણ તિથિની સમાપ્તિ પણ તેજ દિવસે છે.'

૭ બાલાવબોધકારના પણ આ સ્પષ્ટ વિધાનથી એ દિવા જેવું સમજી શકાય તેમ છે કે-ક્ષયવૃદ્ધિ પ્રસંગે જોડીયાં પર્વોને સાથે જ રાખવાની વાત જેઓ કરે છે તે કેવલ ઉપજાવી કાઢેલી અર્થહીન વાત છે. જુઓ શ્રી તત્ત્વતરંગિણી ટીકાના આધારભૂત મૂલાક્ષરો પણ આ રહ્યા:—

(ભાષા)—"હવે દીધું જે ઓષધ તેનું રખે વમન થાય એવું જાણીને તેને માંહ્ય રાખવા માટે રસાંગરૂપ ગાથા કહે છે—

ગાથા ૬ ઠ્ઠી

**जह अन्नसंगि रयणं, रयणट्ठी गिन्हइ य न कणगाई।**
**न य पुण तंबाईणं, हेउविसेसं विणा मुल्लं ॥ ६ ॥**

रिषे(खे) ए रत्न पडइ एहवुं जाणीनइ जे रत्न त्रांबा संघातइ जडिउं हुइ अथवा (वज्र)ना कटका संघातइ बांधिउं हुइं ते रत्न अन्यसंगि कहीइ। हवइ जिम कोइ एक रत्ननु अर्थी अन्यसंगि एहवुं ए रत्न ग्रहइ जेह भणी बीजामिलिउं ए हुंतुं आपणा कार्य करवानइ विषइ समर्थ छइ, जउ समर्थ न हुइ तउ केवला रत्ननी परिइं मूल्य न पामइ, पणि रत्ननु अर्थी तेहनइ ठामि गमतुं ए सोनुं न लिइ, जेह भणी ते सोनुं रत्ननुं काम न करइ। कोइ एकनइं कल्याणकादिकनु तेरसिइं उपवास कीधो जोईइ एहवुं कारण छतइ त्रुटी चतुर्दशीसंघातइ मिली तेरसि अलगी लेखववी, बीजी परिइं तेरसिनी शंका ए न करवी, एहवुं कहिवानइं काजइं उत्तरार्धइं दृष्टांत कहीइ छइ–' **न य पुण०**' । जिम रत्न लेतइ हुंतइ मूल्य देवानइ अवसरि त्रांबादिक वस्तु अलगी लेखवीइ नहिं, अनइ तुलादिकनइं विषइ चढावतइं हुंतइ त्रांबादिक वस्तु अलगी गणीइ इणइ प्रकारइ त्रुटी जे तिथि तेह संघातइं मिली हुंती पुर्विलो तिथि कारण-विशेषइं अलगी त्रेवडीइ, पणि इम नहीं जे आपणी ज कार्यनइ विषइ उपयोगि आवइ अनइ चउदसिना कामनइं उपयोगि नावइ, जेह भणी परीक्षाना करणहारना हाथनइं विषइ पुहुतुं त्रांबादिकइं सहित रत्न त्रां(बां)बानइ मूल्यइ न लहीइ, पणि चौरादिक अपरीक्षकनइं हाथिं चडिउं हुंतुं त्रांबानइं मूल्यइं पामीइ। यदुक्तम्—

**नार्घन्ति रत्नानि समुद्रजानि, परीक्षका यत्र न सन्ति देशे।**
**आभीरघोषे किल चन्द्रकान्तं, त्रिभिः किराटैः प्रवदन्ति गोपाः ॥१॥**

ईणइ प्रकारइ जे अबुधजन तेरसिइं सहित चउदसीप्रतिइं तेरसिपणइं ज मानइ पणि चउदसिपणइं न मानइ ते गोवालिया सरिषा(खा) जाणिवा। इति गाथार्थः ॥ ६ ॥

---

"नन्वेवं पौर्णमासीक्षयेभवतामपि का गतिरितिचेत्, अहो विचारचातुरी ! यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनं जातमेव।"

અર્થાત્—(શંકા)–'પુનમના ક્ષયે તમે શું કરશો ?' (સમાધાન)–' વાહ, તમારી વિચાર ચતુરાઇ ! ચૌદશમાં ચૌદશ અને પુનમ બન્નેની સમાપ્તિ હોવાથી અમારે પુનમનું પણ આરાધન થઇ જ ગયું.' આમ શાસ્ત્રકાર ચૌદશ પુનમનું આરાધન એકજ દિવસે જ્યાં સંયુક્ત વિહિત કરે છે ત્યાં ભેળીયા

(ભાષા)—"રખે એ રત્ન પડે એવું જાણીને જે રત્ન ત્રાંબા સંઘાતે જડ્યું હોય અથવા વસ્ત્રના કટકા સંઘાતે બાંધ્યું હોય તે રત્ન અન્ય સંગિ કહીએ. હવે જેમ કોઇ એક રત્નનો અર્થી અન્ય સંગી એવુંયે રત્ન લે, કારણ બીજાની સાથે મળ્યું થકુ તે પોતાનું કાર્ય કરવાને વિષે સમર્થ છે, જો સમર્થ ન હોય તો એકલા રત્નની પેઠે મૂલ્ય ન પામે, પણ રત્નનો અર્થી તેને સ્થાને ગમતુંયે સોનું ન લે, કારણ તે સોનું રત્નનું

પર્વના બહાને ચૌદશ ફેરવવાનો અને ક્ષીણ પૂર્ણિમા આદિને અલગ આરાધવાનો કહેવાતો ચાલ ખોટો જ હોવાનું આપોઆપ પૂરવાર થઇ જાય છે. આજ ગાથાના પ્રાન્ત ભાગમાં શ્રી તત્ત્વતરંગિણીકારે જે શંકા સમાધાન આપ્યું છે તે આ હકીકતને વધારે સચોટ બનાવે છે. વાદિ શંકા કરે છે કે–'સાથે આવેલી એ ત્રણ આદિ કલ્યાણક તિથિઓમાં પણ શું તમે એમ જ માનો છો?' ગ્રંથકાર ઉત્તર આપે છે કે—

"अस्माकमग्रेतनकल्याणकतिथिपाते प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वादिष्टापत्तिरेवोत्तरम्।"

અર્થાત્—'આગલી કલ્યાણક તિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વની કલ્યાણક તિથિમાં તે બન્ને તિથિઓની સમાપ્તિ હોવાથી તે એકજ દિવસમાં બન્નેની આરાધના અમે માનેલી જ છે.' આથી એ પણ સિદ્ધ થાય છે કે આરાધના વિષયક તિથિ નિર્ણયમાં કલ્યાણક કે બાર પર્વિ વચ્ચે હાલના કેટલાક આચાર્યો જેવો ભેદ પાડે છે તેવો ભેદ મુદ્દલે નથી. વાદિ પુનઃ શંકા કરે છે કે–'ત્યારે પછીના દિવસે અને પછીના વર્ષના કલ્યાણક તિથિ દિવસે તપ જુદો કેમ કરાય છે?' ગ્રંથકાર સમજાવે છે કે—

"तत्राद्य एकस्मिन्दिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि सन्ननंतरोत्तरदिनमादायैव तपः पूरको भवति, नान्यथा, यथा पूर्णिमापाते चातुर्मासिकषष्ठतपोऽभिग्रही अपरदिनमादायैव तपःपूरकः, द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तं दिनमादायैवेति नात्र शंकावकाश इति।"

અર્થાત્—'કલ્યાણકનો તપ જે તુરત જ કરી આપવાના નિયમવાળો હોય તે એક દિવસમાં બન્ને કલ્યાણક તિથિઓ વિદ્યમાન હોવાથી બન્નેનો આરાધક થવા છતાં પણ તપને માટે તો પછીનો દિવસ લઇને જ તપ પૂર્ણ કરનારો બને છે, અન્યથા નહિ, જેમ પુનમના ક્ષયે ચોમાસી છઠ તપના નિયમ વાળો ચૌદશની સાથે બીજો–તેરસ કે પડવાનો દિવસ લઇને જ તપ પૂર્ણ કરનારો બને છે તેમ. જે આવા નિયમવાળો ન હોય અને આંતરે કરનારો હોય તે પછીના વર્ષનો કલ્યાણક તિથિ દિવસ લઇને તપ પૂરો કરે છે, આમાં શંકાને સ્થાન નથી.'

આથી પૂર્ણિમા આદિની ક્ષય વૃદ્ધિએ આ વિધિ મુજબ આરાધના કરનારા અને તિથિઓની કલ્પિત ફેરફારી નહિ કરનારા સત્ય વર્ગને અગીયાર અથવા તેર પર્વિ કરવાનો આક્ષેપ જેઓ કરે છે અને જેઓ તિથિઓની કલ્પિત ફેરફાર કરી તેને જૈન સિદ્ધાંતિક સંસ્કારનું નામ આપે છે તેઓ જૈન સિદ્ધાંતિક સત્યનો અપલાપ કરી વિચાર કરી સિદ્ધાંત અને પરંપરા પ્રેમી જૈન સમાજને કેવલ ઊંધે માર્ગે દોરી રહેલા છે, એમાં બે મત નથી; આ સ્થલને જોતાં એ પણ સમજી શકાશે કે પાંચમ પુનમના ક્ષયે ત્રીજ તેરસનો ક્ષય કરવામાં શ્રી હીર પ્રશ્નના પાઠનો જેઓ ઉપયોગ કરે છે તે પણ તેઓની ભૂલ છે.

કામ ન કરે. કોઈ[૮] એકને કલ્યાણકાદિકનો તેરસે ઉપવાસ કરવો જોઇએ એવું કારણ છતે ક્ષીણ ચૌદશ સાથે મલી તેરસ અલગ લેખવવી ( અર્થાત્ તેરસ ગણવી ), બાકી તેરસની શંકાયે ન કરવી ( અર્થાત્ ચૌદશ ગણવી ), એવું કહેવાને માટે ઉત્તરાર્ધમાં દૃષ્ટાંત કહે છે—'ન ય પુણ૦'।

"જેમ રત્ન લેતા થકા મૂલ્ય દેવાને અવસરે ત્રાંબા આદિક વસ્તુ અલગ ગણીએ નહિ, અને તુલા-કાંટાદિકને વિષે ચઢાવતે થકે ત્રાંબાદિક વસ્તુ અલગ ગણીએ, એ પ્રકારે તુટી જે તિથિ તે સંઘાતે મલી થકી પૂર્વની તિથિ કારણ વિશેષે જુદી ગણીએ પણ એમ નહિ કે (તે) પોતાના જ કાર્યને વિષે ઉપયોગ આવે અને ચૌદશના કામને ઉપયોગ નાવે. કારણ પરીક્ષા કરનારના હાથને વિષે પહોંચેલું ત્રાંબાદિકે સહિત રત્ન ત્રાંબાને મૂલ્યે ન મળે પણ ચોરાદિક અપરીક્ષકને હાથે ચડયું થકું ત્રાંબાને મૂલ્યે પામીએ. કહ્યું છે કે—

"જે દેશમાં પરીક્ષકો નથી ત્યાં સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલાં રત્નોની કિંમત થતી નથી. જેમ ભરવાડની પલ્લીમાં ચંદ્રકાન્ત મણિનું મૂલ્ય ગોવાળીઆઓ ખરેખર ત્રણ કોડીઓ કહે છે."

"એ પ્રકારે જે અબુધ-અજ્ઞાન મનુષ્ય તેરસ સહિત ચૌદશ પ્રત્યે તેરસ પણે જ માને પણ ચૌદશ પણે ન માને તે ગોવાલીઆ સરખા જાણવા. ઇતિ ગાથાર્થ" ॥ ૬ ॥

અવતરણિકા

हवइ पूठिइं कही जे युक्ति तेहनु सामान्य न्याय कहिवानइं काजइ उत्तरगाथा कहीइ छइ—

( ભાષા )—" હવે ઉપર કહી જે યુક્તિ તેનો સામાન્ય ન્યાય કહેવાને માટે ઉત્તર-ગાથા કહે છે—

### ગાથા ૭ મી

## जो जस्सट्ठी सो तं, अविणासयसंजुअं पि गिण्हेई ।
## न य पुण तओ वि अन्नं, तक्कज्जपसाहणाभावा ॥ ७ ॥

जे पुरुष जेहनु अर्थी हुइ ते पुरुष आपणपइं वांछी जे वस्तु तेहनइं 'अविणासय' कहीइ विनाशनु करणहार नहीं एहवी जे वस्तु तोणइं करीनइं सहित एहवी ए ते वस्तुप्रतिइं ग्रहिइं पणि तेहथिकु बीजा वस्तुप्रतिइं न ग्रहिइं, जेह भणी रत्न रहइं साध्य जे कार्य तेह प्रतिइं ते रत्नथिकु बीजी वस्तु न करइ, इति गाथार्थः ॥ ७ ॥

---

૮ આ હકીકત પણ ક્ષય પ્રસંગે તેરસ ચૌદશ ભેગી, તેની આરાધનાયે ભેગી, તેરસ કલ્યાણકનો ઉપવાસ કરનાર તેરસ ગણીને તે જ દિવસે ઉપવાસ કરી શકે, ઇત્યાદિ વસ્તુને પુષ્ટ બનાવે છે અને તેરસ આદિનો ક્ષય માનવાની કહેવાતી પ્રથાને તોડી પાડે છે.

(ભાષા)—"જે પુરૂષ જેનો અર્થી હોય તે પુરૂષ પોતે ઇચ્છી જે વસ્તુ તેને 'અવિણાસય' કહેતાં વિનાશ કરનાર ન હોય એવી જે વસ્તુ તેને કરીને સહિત એવી તે વસ્તુને લે પણ તેથી બીજી વસ્તુને ન ગ્રહે, કારણ રત્નનું સાધ્ય જે કાર્ય તે રત્નથી બીજી વસ્તુ ન કરે, ઇતિ ગાથાર્થ." ૭

અવતરણિકા

हवइ कोइ एक इम कहइ जे जेहनु अर्थी हुइ ते तेह ज प्रतिइं ग्रहिइं एहवो एकांत नथी, जेह भणी घीनु अर्थी दूधप्रतिइं लेतो दीसइ छइ, इसिउ भ्रान्त पुरुष जे भ्रम तेह प्रतिइं छंडाविवानइं काजइ कहीइ छइ—

(ભાષા)—"હવે કોઈ એક એમ કહે—જે જેનો અર્થી હોય તે તેને જ લે એવો એકાંત નથી, કારણ ઘી નો અર્થી દુધને લેતો દેખાય છે, એવો ભ્રાંત પુરૂષનો જે ભ્રમ તેને છોડાવવાને માટે કહે છે"—

ગાથા ૮ મી

**जं दुद्धाईगहणं, घयाभिलासेण तत्थ नो दोसो ।**
**तद्दारेण तयट्ठी, अहवा कज्जोवयारेणं ॥ ८ ॥**

जे घीनी वांछाइं दूधनुं लेवुं तिहां कणि दोष नही, जे कारणथिकु घीनी वांछानइं द्वारइं दूधप्रतिइं लेतो हुंतो दूधनु अर्थी कहीइ, अथवा कारण जे दूध तेहनइं विषइ कार्य जे घी तेहनु उपचार करीइ । इति गाथार्थः ॥८॥

(ભાષા)—"જે ઘીની ઇચ્છાએ દુધનું લેવું ત્યાં દોષ નથી. કારણ કે ઘીની ઇચ્છા દ્વારા દુધને લેતો થકો દુધનો અર્થી છે, અથવા કારણ જે દુધ તેને વિષે કાર્ય જે ઘી તેનો ઉપચાર કરવો, ઇતિ ગાથાર્થ." ૮

અવતરણિકા

हवइ किम द्वार अनइ किम उपचार एहवुं जणावीइ छइ—

(ભાષા)—"હવે કેમ દ્વાર અને કેમ ઉપચાર તે જણાવે

ગાથા ૯ મી

**जह सिद्धट्ठी दिक्खं, गिण्हंतो तह य पत्थओ दारु ।**
**न य तं कारणभावं, मोत्तूणं संभवइ उभयं ॥ ९ ॥**

जिम मोक्षनु अर्थी दीक्षा लिइतो हुंतो दीक्षानु अर्थी कहीइ, जेह भणी कार्यनु वांछक जे पुरुष तेहनइ निश्चइं कारणनी इच्छा हुइ तेह भणी इह्यांकणि मोक्षवांछानइं द्वारइं दीक्षानु अर्थी कहाइ। ईणइ प्रकारइ द्वार कहिउं। हवइ उपचार कहोइ छइ जिम पाथानुं दल जे काष्ट तेहनइ विषइ पाथानुं जाणिवुं, जिम पाथानुं दल काष्ठ जातइं हुंतइ पाथउ जाइ छइ इम कहीइ ईणइ प्रकारइ घीनुं कारण जे दूध तेहनइ विषइ ए घी छइ ईणइ प्रकारइ व्यवहार हुइ। हवइ द्वार अनइ उपचार किह्यां करीइ एहवुं कहीइ छइ—'न य०'। 'कारणभावं' कहिता कार्य कारण मुंकीनइ द्वार अनइ उपचार ए बिहिइ वाना न संभवइ। इति गाथार्थः ॥९॥

(ભાષા)—"જેમ મોક્ષનો અર્થી દીક્ષા લેતો થકો દીક્ષાનો અર્થી કહીએ, જે માટે કાર્યનો વાંછક જે પુરૂષ તેને નિશ્ચયે કારણની ઇચ્છા હોય તે માટે અહીં મોક્ષ વાંછાને દ્વારે દીક્ષાનો અર્થી કહીએ. આ પ્રકારે દ્વાર કહ્યું. હવે ઉપચાર કહીએ છીએ-જેમ પાથાનું-પ્યાલાનું દલ જે કાષ્ટ તેને વિષે પ્યાલાનો (ઉપચાર) જાણવો. જેમ પ્યાલાનું દલ કાષ્ટ જતે થકે પ્યાલો જાય છે એમ કહીએ એ પ્રકારે ઘીનું કારણ જે દુધ તેને વિષે 'એ ઘી છે' એ પ્રકારે વ્યવહાર હોય. હવે દ્વાર અને ઉપચાર ક્યાં કરીએ તે કહે છે—'न य०'। 'कारणभावं' કહેતાં કાર્ય કારણ મુકીને દ્વાર અને ઉપચાર એ બે વાનાં ન સંભવે, ઇતિ ગાથાર્થ" ૯

અવતરણિકા

जिन शासननइं विषइ काल समस्तकार्यप्रतिइं कारण छइ तेह भणी काल विशेष जे पूर्णिमा ते चउदसिप्रतिइं कारण कांइ न हुइ एहवी जे शंका तेह प्रतिइं टालइ छइ—

(ભાષા)—"જિનશાસનને વિષે કાલ સમસ્ત કાર્ય પ્રત્યે કારણ છે તે માટે કાલ વિશેષ જે પૂર્ણિમા તે ચૌદશ પ્રત્યે કારણ કાંઇ—કેમ ન હોય? એવી જે શંકા તે પ્રત્યે ટાલે છે"—

ગાથા ૧૦ મી

**जइ वि हु जिणसमयम्मि य, कालो सव्वस्स कारणं भणिओ।**
**तह वि य चउद्दसीए, नो पुण्णिमाकारणं जुज्जे॥ १०॥**

यद्यपि जिनशासन(न)इं विषइ काल समस्तवस्तुप्रतिइं कारण कहिउ तउहइ पणि चतुर्दशीनुं कारण पूर्णिमा संभवइ नहीं, जेह भणी पूर्णिमाइं कारणनुं स्वरूप नथी। इति गाथार्थः ॥१०॥

(ભાષા)—"યદ્યપિ જિનશાસનને વિષે કાલ સમસ્ત વસ્તુ પ્રત્યે કારણ કહ્યું તો પણ ચતુર્દશીનું કારણ પૂર્ણિમા સંભવે નહિ, કારણ પૂર્ણિમામાં કારણનું સ્વરૂપ નથી, ઇતિ ગાથાર્થ" ૧૦

અવતરણિકા

हवइ पूर्णिमानइं विषइ कारणनुं स्वरूप नथी ते किम, कांई एहवुं कहीइ छइ—

(ભાષા)—"હવે પૂર્ણિમાને વિષે કારણનું સ્વરૂપ નથી તે કેમ કાંઇ—શા માટે તે કહે છે"—

### ગાથા ૧૧ મી

## कज्जस्स पुव्वभावी, नियमेण य कारणं जओ भणियं।
## तल्लक्ख(ण)रहिया वि य, भणाहि कह पुण्णिमा हेऊ ॥ ११ ॥

जे कारण हुइ ते अवश्यइं कार्यथिकु पहिलुं वर्तइ ए कारणनुं स्वरूप कहिउं। ते तु कारणनुं स्वरूप पूर्णिमानइं वि(षइ छइ नहि) जेह भणी चउदसि पहिलुं त्रुटी अनइ पूर्णिमा तु आगलि वर्तइ छइ। अनइ विणठा ए(हवुं पणि) कार्यप्रतिइं जु कारण ऊपजावइ तु भागा घडा प्रतिइं कुंभकार ऊपजावइ। इति गाथार्थः ॥११॥

(ભાષા)—"જે કારણ હોય તે અવશ્ય કાર્ય થકી પહેલું વર્તે એ કારણનું સ્વરૂપ કહ્યું.[૯] તે તો કારણનું સ્વરૂપ પૂર્ણિમાને વિષે છે નહિ, કારણ ચૌદશ પહેલાં ત્રુટી અને પૂર્ણિમા તો આગલ વર્તે છે. અને વિનષ્ટ એવા પણ કાર્ય પ્રત્યે જો કારણ ઉપજાવે તો ભાગ્યા ઘડા પ્રત્યે કુંભાર ઉપજાવે,[૧૦] ઇતિ ગાથાર્થ." ૧૧

---

૯ જુઓ શ્રી તત્ત્વતરંગિણી ટીકા (ગાથા ૧૧–)

"कार्यस्य नियमेन यत्पूर्वभावी....तदेव कारणं भवति, तल्लक्षणरहिताऽपि च पौर्णमासी कथं चतुर्दश्या हेतुः कारणं स्यादिति भण—कथय....। यदि विनष्टस्यापि कार्यस्य भावि कारणं स्यात्तर्हि जगद्व्यवस्थाविप्लवः प्रसज्येतेति।"

૧૦ "કાર્યથી આંતરા રહિત અવશ્ય પૂર્વ હોવું એ કારણ સ્વરૂપ કહેલું છે. જે કારણથી કાર્યનું કારણ અવશ્ય પહેલાં હોય છે તે કારણથી પૂર્ણિમા કે જે ચૌદશથી પહેલાં નથી પણ પછી થાય છે તે ચૌદશનું કારણ શી રીતે થઇ શકે? તે તમેજ અમોને કહો.' તેજ પ્રમાણે કારણ સ્વરૂપના અભાવવાળી તેરસ અને ત્રીજ અનુક્રમે પૂનમ અને પાંચમનું કારણ પણ શી રીતે બની શકે? કારણ કે તેઓ પૂર્વવર્તિ છે છતાં આંતરા રહિત નથી, વચમાં ચૌદશ અને ચોથનું અંતર પડે છે. જો 'કાર્ય નાશ પામી જાય અને કારણ પછી થાય' એવો તમારો અભિપ્રાય હોય તો તમારી એક

અવતરણિકા

ईणइ प्रकारइ सामान्य न्याय कहीनइ मांडिउं जे चउदसिनुं कहिवुं तेहनइं दृष्टांत जोडीइ छइ—

(ભાષા)—"એ પ્રકારે સામાન્ય ન્યાય કહીને માંડયું જે ચૌદશનું કહેવું-અર્થાત્ પ્રસ્તુત-તેને દૃષ્ટાંત જોડે છે"—

ગાથા ૧૨ મી

**एवं हीण चउद्दसि, तेरसिजुत्ता न दोसमावहइ।**
**दिट्ठंतो जं सरणं, रण्णो आवइगयस्सावि ॥ १२ ॥**

इणइ प्रकारइ पूर्विइं कही जे युक्ति तीणइ प्रकारइ त्रुटी जे चतुर्दशी ते जु तेरसिइं सहित लीजइ तउहइ पणि कांई दूषण नथी। पूर्विइं कही जे युक्ति तीणइ करीनइ त्रुटी चतुर्दशीनुं कर्तव्य तेरसिइं ज करिवुं एहवुं सिद्धि पामिउं। बि वार बांधिउं हुंतुं अतिहिइं दृढ हुइ एहवु न्याय अंगीकरीनइ वली दृष्टांतप्रतिइं देषा(खा)डइ छइ-'दिट्ठंतो' त्ति। कर्मनी सामग्रीइं मोटाएनइं आपदा आवइ, तेह भणी आपदाप्रतिइं पामिउ जे राजान तेहनुं शरण जे गढ इत्यादिक ठाम तेहनइं विषइ वसतउ ए हुंतो तिह्यांकणि जईनइ सेववउ। ते राजाननुं जे ठाम तेह पणि यत्नथिकु राष(ख) वुं। पणि राजानइं करी सहित जे राजाननुं ठाम तेह प्रतिइं राजसंघातइं विणासीनइं कि वारइ ते राजानइं शरण नहीं एहवुं अरण्य अथवा मंत्रीश्वरप्रमुखनुं घर तेहनइ विणासिउ जे राजान तेह प्रतिइं मनमाहिं कल्पीनइं तेहनुं आराधवुं फलवंत न हुइ। त्रुटी चतुर्दशीनु ठाम नहीं एहवी जे पूर्णिमा तेह प्रतिइं पाषी(खी)नी बुद्धिइ आराधइ ते पुरुष पूठिइं कहिया पुरुषनइं सारीषा(खा) जाणिवा। इति गाथार्थः ॥१२॥

(ભાષા)—"એ પ્રકારે પૂર્વે કહી જે યુક્તિ તે પ્રકારે ત્રુટી જે ચતુર્દશી તે જો તેરસે સહિત લે તો પણ કાંઈ દૂષણ નથી. પૂર્વે કહી જે યુક્તિ તેને કરીને ત્રુટી ચતુર્દશીનું કર્ત્તવ્ય તેરસે જ કરવું એ સિદ્ધિ બે વાર બાંધ્યું થકું અતિશય દૃઢ હોય એવો ન્યાય અંગીકારીને વળી દૃષ્ટાંતને દેખાડે છે-'दिट्ठंतो'त्ति કર્મની સામગ્રીએ મોટાનેય આપદા આવે, તે માટે આપદાને પામ્યો જે રાજા તેનું શરણ જે ગઢ ઈત્યાદિક સ્થાન તેને વિષે વસતો થકો યે ત્યાં જઈને સેવવો. તે રાજાનું જે સ્થાન તે પણ યત્નથી રાખવું.

---

પૂનમની કારણતા ખાતર આખી જગત્ વ્યવસ્થાનો ભંગ થઈ જશે, પુત્રોના પેદા થયા પછી પિતાઓને પેદા થવું પડશે. વળી 'કાર્ય હાલ પેદા થાય અને તેની પૂર્વે ગમે ત્યારે પેદા થયેલું કારણ ગણાય' એવો જો તમારો અભિપ્રાય હોય તો તમારી તેરસ અને ત્રીજની ખાતર પણ જગત્ વ્યવસ્થાને રૂખસદ આપવી પડશે. ગર્ભાધાન કર્યા વિના પણ મરી ગયેલા પિતાઓથી પુત્રોને પેદા થવું પડશે." ઇત્યાદિ જુઓ શ્રી પર્વતિથિ પ્રકાશ પૃ. ૧૦૩.

–આચરવું. પણ રાજાએ કરી સહિત જે રાજાનું સ્થાન તેને રાજા સંઘાતે વિનાશીને ક્યારે ય તે રાજાને શરણ નહિ એવું અરણ્ય અથવા મંત્રીશ્વર પ્રમુખનું ઘર તેને–તેમાં વિનશ્યો જે રાજા તેને મનમાં કલ્પીને તેનું આરાધવું ફલવંત ન હોય. ક્ષીણ ચતુર્દશીનું સ્થાન જે તેરસ તેને વિરાધીને ચૌદશનું સ્થાન નહિ એવી જે પૂર્ણિમા તેને પખ્ખીની બુદ્ધિએ આરાધે તે પુરૂષ ઉપર કહ્યા પુરૂષના સરખા જાણવા.[૧૧] એમ ગાથાર્થ થયો." ૧૨

અવતરણિકા

वली प्रकारांतरइं दृष्टांत कहीइ छइ—

( ભાષા )—"વળી પ્રકારાંતરે દૃષ્ટાંત કહે છે."—

ગાથા ૧૩ મી

**अहवा जत्थ वि राया, चिट्ठइ मच्चाइसंजुओ ससुहं ।**
**तत्थेव रायपरिसा, ठिए(य)त्ति वुच्चइ न अन्नत्थ ॥ १३ ॥**

अथवा जिहांकणि मंत्रीश्वरादिकइ सहित हुंतउ आपणइ सुखइं करी राजान बइसइ तिहां ज सभा बइठी कहीइ, पणि राजान रहइंबइसवाना ठामथिकु बीजइ ठामइं सभा न कहीइ । ईणइ दृष्टांतइ करी तेरसिं ज चउदसि सहित मानवी, जेह भणी चतुर्दशीरूप राजान तेरसिरूप जे ठाम तेहनइं (विषइं) आवी बइठो छइ । इति गाथार्थः ॥१३॥

( ભાષા )—"અથવા જ્યાં મંત્રીશ્વરાદિકે સહિત પોતાના સુખે કરી રાજા બેસે ત્યાં જ સભા બેઠી કહીએ પણ રાજાના રહેવાબેસવાના સ્થાનથી બીજે સ્થાને સભા ન કહીએ. એ દૃષ્ટાંતે કરી તેરસ જ ચૌદશ સહિત માનવી, કારણ ચતુર્દશીરૂપ રાજા તેરસરૂપ જે સ્થાન તેને વિષે આવી બેઠો છે, એમ ગાથાર્થ થયો." ૧૩

અવતરણિકા

'पाषी(खी)तु पूर्णिमाइं तीर्थे(करइं) कही छइ तेह भणी चतुर्दशीइं जे पाषी(खी) मानइ तेहनइं कांई सूत्रनी साषि(खि) दीसती नथी' एहवो जे मूर्खनु कदाग्रह तेह प्रतिइं टालवानइं काजइं उत्तरगाथा अवतारीइ छइ—

( ભાષા )—"'પખ્ખી તો પૂર્ણિમાએ તીર્થંકરે કહી છે તે માટે ચતુર્દશીએ જે પખ્ખી માને તેને કાંઈ સૂત્રની સાક્ષી દેખાતી નથી,' એવો જે મૂર્ખનો કદાગ્રહ તેને ટાળવાને માટે ઉત્તર–પછીની ગાથા અવતારે છે"—

---

૧૧. આથી ફલિત થાય છે કે જેઓ પાંચમ પુનમ આદિની ક્ષય–વૃદ્ધિએ ત્રીજ તેરસ આદિની ક્ષય–વૃદ્ધિ કલ્પિને ચોથ ચૌદશની અન્યથા આરાધના કરે છે તેઓ અયુક્ત કરી રહ્યા છે, કારણ ઉપરની માફક એમની ક્રિયા પણ રાજા તુલ્ય ચોથ ચૌદશ આદિને તેના પોતાના સ્થાનમાંથી ઉઠાડી મૂકવા બરાબર છે.

ગાથા ૧૪ મી

**नेवं कयाइ भूअं, भवं भविस्सं च पुण्णिमादिवसे।**
**पक्खियकज्जं आणा-जुत्ताणं मोहमुत्ताणं ॥ १४ ॥**

मिथ्यात्वमोहनीय कर्मइंकरी रहित एहवा अनइं आज्ञाइं करीनइं संयुक्त एहवा जे पुरु(ष) तेहनइ-'पाषी(खी)नुं कर्तव्य पूर्णिमानइं विषइ,' एहवुं हवुं नही, हुतुं नथी, अनइ हुसिइ नहीं। ईणइ प्रकारइं त्रणि कालनइ विषइ पूर्णिमाई पाषी(खी)ना कर्तव्यनु निषेध जाणवो। हवइ तत्त्वनु अजाण कोइ एक इम कहीइ जे-'ए तुह्मा(म्हा)रुं वचन आपणा ज घरनइं विषइ कहीजतुं हुंतुं मछुं दीसइ छइ पणि सभामांहिं नहीं'। तेह प्रतिइं इम कहीइ--रे शास्त्रनइ विषइ अप्रविण! जउ पाषी(खी)नु अनुष्ठान चतुर्दशीइं (पूर्णिमाइं) हुइ तउ चउत्थतप चैत्यपरिवाडि इत्यादिक पाषी(खी)नुं अनुष्ठान चतुर्दशीइं कांइ शास्त्रमाहिं कहिउं? इह्यां बीजा ग्रंथनी साषि(खि) पूर्विइं कही छइ आगली पणि कहीसिइ। इति गाथार्थः ॥ १४ ॥

(ભાષા)—"મિથ્યાત્વ મોહનીય કર્મે કરી રહિત એવા અને આજ્ઞાએ કરીને સંયુક્ત એવા જે પુરૂષ તેને 'પખ્ખીનું કર્તવ્ય પૂર્ણિમાને વિષે,' એવું હતું નહિ, થતું નથી, અને થશે નહિ. એ પ્રકારે ત્રણે કાલને વિષે પૂર્ણિમાએ પખ્ખીના કર્તવ્યનો નિષેધ જાણવો. હવે તત્ત્વનો અજાણ કોઈ એક એમ કહે કે 'એ તમારૂં વચન પોતાના જ ઘરને વિષે કહ્યું થકું ભલું દેખાય છે, પણ સભામાં નહિ.' તેને એમ કહીએ-રે શાસ્રને વિષે અપ્રવિણ! જો પખ્ખીનું અનુષ્ઠાન પૂર્ણિમાએ હોય તો ચતુર્થ ઉપવાસ તપ ચૈત્ય પરિપાટી ઇત્યાદિક પખ્ખીનું અનુષ્ઠાન ચતુર્દશીએ કેમ શાસ્ત્રમાં કહ્યું! અહીં બીજા ગ્રંથની સાક્ષી પૂર્વે કહી છે, આગલ પણ કહેશે, એમ ગાથાર્થ થયો." ૧૪

અવતરણિકા

'त्रणि कालनइं विषइं पूर्णिमाइं पाषी(खी)ना करवानु निषेध कहु छउ ते कउण सूत्रनु न्याय?' एहवु जे मूढनु भ्रम तेह रूप जे रोग तेहना नाशनइं काजइ उत्तरगाथायुगलरूप अमृत पाईइ छइ-

(ભાષા)—"ત્રણ કાલને વિષે પૂર્ણિમાએ પખ્ખીના કરવાનો નિષેધ કહો છો' તે ક્યા સૂત્રનો ન્યાય? એવો જે મૂઢનો ભ્રમ તે રૂપ જે રોગ તેના નાશને માટે ઉત્તરગાથાયુગલરૂપ અમૃત પાઈએ છીએ"—

ગાથા ૧૫—૧૬ મી

**जेणं चउद्दसीए, तव-चेइय-साहुवंदणाकरणे।**
**पच्छित्तं जिणकहिअं, महानिसीहाइगंथेसु ॥ १५ ॥**

न हु तह पन्नरसीए, पक्खियकज्जं जिणेण उवइट्ठं।
किंतु पुणो वोयंगे, चउमासि तिपुण्णिमा गहिया ॥१६॥

जे कारणथिकु महानिशीथादिक ग्रंथनइं विषइ चउदसिए ज चउत्थतप चैत्यपरिवाडि प्रमुख पाषी (खी)नुं अनुष्ठान कहिउं छइ अनइ एहना अणकरवानइं विषइं जिम प्रायश्चित कहिउं । इति प्रथम गाथार्थः ॥ १५ ॥

' न हु० ' । तीणइ प्रकारइं पूर्णिमाइं पाषी( खी )नुं कर्तव्य कहिउं नथी । जउ पूर्णिमाइं पणि चउत्थादिक अनुष्ठान कहिउं हुइ तउ चउदसि अनइ पूनिमि तेहनइं विषइ चउत्थादि करवाथिकु चउमासानी परिइं छट्ठ कहिउ हुइ, तिम तु कहिउं नथी । तेह भणी ग्रंथोक्तयुक्तिइं करी चउदसीइं ज पाषीं(खी) करवी, जउ आत्मार्थ साधवानी इच्छा छइ । हवइ कोइ एक इम कहइ ' जे चउदसिइं ज पाषी(खी) मानवी एहवा अक्षर दीसता नथी, तेह भणी पूर्णिमाइं ज पाषी(खी) मानवी' तेह प्रतिइं इम कहोइ–रे बापडा ! जउ चउदसिंइं पाषी(खी) न मानीइ तउ सूअगडांगना वचननुं अणमानवुं थाइ, जे कारण भणी सूअगडांगनइं विषइ त्रणि ज पूर्णिमा आराध्यपणइ कहो छइ, ते आलावो लिखीइ छइ—

"से णं लेए गा(हा)वई समणोवासगे अहिगयजीवाजीवेत्यादिक " सूत्रपाठ। तेहनु अर्थ लिखीइ छइ—

चतुर्दश्यष्टम्यादिषु तिथिषु उद्दिष्टासु महाकल्याणकसम्बन्धितया प्रख्यातासु तथा पौर्णमासीषु च तिसृष्वपि चतुर्मासकतिथिष्वित्यर्थः, एवम्भूतेषु धर्मदिवसेषु सुष्ठु अतिशयेन प्रतिपूर्णो यः पौषधो व्रताभिग्रहविशेषस्तं प्रतिपूर्णमाहार–शरीर–ब्रह्मचर्या–व्यापाररूपं पौषधमनुपालयन् सम्पूर्णं श्रावकधर्ममनुचरति ।

ए अक्षर श्री सूअगडांगनइ बीजइ सुअखंधि लेप श्राव(क)नइ अधिकारि छइ । तेह भणी तुह्मारा हितनइं काजइं कहीइ छइ–जउ पूनिमिं पाषी(खी) हुइ तउ किम कांइ त्रणि ज पूर्णिमा आराध्यपणइ कहइ ? ए अक्षरनइं अनुसारइं पूर्णिमाइं पाषी(खी) मानतइं हुंतइ तुह्मारइं वरसमाहिं त्रणि ज पाषी(खी) जोईइ, विचारि जोजिउ, जउ सिद्धांतप्रतिइं मानु छउ तउ चउदसिं पाषी(खी) मानउ, तुह्मनइ हितभणी कहीइ छइ'। इति गाथार्थः ॥ १६ ॥

(ભાષા)—"જે કારણથી મહાનિશીથાદિક ગ્રંથને વિષે ચૌદશે જ ઉપવાસ તપ ચૈત્ય પરિપાટી પ્રમુખ પખ્ખીનું અનુષ્ઠાન કહ્યું છે અને એના ન કરવાને વિષે જેમ પ્રાયશ્ચિત્ત કહ્યું, એમ પ્રથમ ગાથાનો અર્થ થયો." ૧૫

'ન હુ૦'। તે પ્રકારે પૂર્ણિમાએ પખ્ખીનું કર્તવ્ય કહ્યું નથી. જો પૂર્ણિમાએ પણ ઉપવાસાદિક અનુષ્ઠાન કહ્યું હોય તો ચૌદશ અને પુનમ તેને વિષે ઉપવાસાદિ કરવાથી ચોમાસીને પેઠે છઠ કહ્યો હોય, તેમ તો કહ્યો નથી. તે માટે ગ્રંથોક્ત યુક્તિએ કરી ચૌદશે જ પખ્ખી કરવી, જો આત્માર્થ સાધવાની ઇચ્છા છે. હવે કોઈ એક એમ કહે–

'જે ચોદશે જ પખ્ખી માનવી એવા અક્ષર દીસતા-દેખાતા નથી, તે માટે પૂર્ણિમાએ જ પખ્ખી માનવી,' તેને એમ કહીએ—'રે બાપડા! જો ચોદશે પખ્ખી ન માને તો સૂયગડાંગના વચનનું ન માનવું થાય, કારણ સૂયગડાંગને વિષે ત્રણ જ પૂર્ણિમા આરાધ્યપણે કહી[૧૨] છે, તે આલાવો લખીએ છીએ—

"सेणं लेए गाहावई समणोवासगे अहिगयजीवाजीव०"

ઈત્યાદિ સૂત્રપાઠ. તેનો અર્થ લખીએ છીએ—

"ચૌદશ-આઠમ-આદિ તિથિઓ, મહાકલ્યાણ સંબંધિ પ્રસિદ્ધ અમાવાસ્યા, તથા ત્રણ ચોમાસી પૂર્ણિમાઓ, આ પ્રકારના ધર્મ દિવસોમાં અતિશયે કરીને સંપૂર્ણ પૌષધ-વ્રતાભિગ્રહ વિશેષ તે પ્રતિપૂર્ણ-આહાર-શરીર-બ્રહ્મચર્ય-અવ્યાપારરૂપ પૌષધને પાલતો સંપૂર્ણ શ્રાવકધર્મને તે પાલે છે."

એ અક્ષર શ્રી સૂયગડાંગને બીજે શ્રુતસ્કંધે લેપશ્રાવકને અધિકારે છે. તે માટે તમારા હિતને માટે કહીએ છીએ. 'જો પૂનમે પખ્ખી હોય તો શા માટે ત્રણ જ પૂર્ણિમા આરાધ્યપણે કહી? એ અક્ષરને અનુસારે પૂનમે પખ્ખી માનતે થકે તમારે વર્ષમાં ત્રણ જ પખ્ખી જોઈએ, વિચારી જોજો, જો સિદ્ધાંતને માનો છો તો ચૌદશે પખ્ખી માનો, તમને હિત માટે કહીએ છીએ, એમ ગાથાર્થ થયો." ૧૬

અવતરણિકા

ईणइं प्रकारइं तिथिनइं छेदइ आराधवानु प्रकार कहिउ, हवइ तिथि वाधिइ हुंतइ पूर्विली तिथि लेवी किंवा आगिली लेवी? एहवी शंका टालवानइं काजइ कहीइ छइ—

(ભાષા)—"એ પ્રકારે તિથિને ક્ષયે આરાધવાનો પ્રકાર કહ્યો, હવે તિથિ વધે થકે પહેલી તિથિ લેવી કે બીજી લેવી? એ શંકા ટાલવાને કાજે કહે છે—

ગાથા ૧૭ મી

**संपुण्णत्ति अ काउं, नो घिप्पइ वुड्ढिए वि पुव्वतिहो।**
**जं जा जम्मि हु दिवसे, समप्पइ(ई) सो(सा) पमाणं ति ॥१७॥**

'आज पूरी तिथि छइ, विहाणइ तु घडी २।३। पाखी(खी) हुसिइ, एतला भणी आज ज पोसह कीजइ पणि विहाणइ न करिवु,' एहवु जाणिनइ तिथि वाधिइं हुंतइ पूर्विली तिथि न लिइवी किंतु आगिली ज तिथि आराधवी। ते किसिआ भणी एहवुं कहिवानइं काजइं आगलिउं गाथानु अर्थ कहीइ छइ—'जं जा०'। जेह भणी जे चतुर्दशी प्रमुख जे तिथि ते जे आदित्यप्रमुख वारस्वरूप दिहाडानइं विषइ पूरी थाइ तेह ज

---

૧૨ ચતુર્પર્વના નામે વર્ત્તમાનમાં પુનમ વિગેરે કરતાં ચૌદશ વિગેરેને ય ગૌણ બનાવી તેની વિરાધના કરનારાઓએ આ વચન પણ લક્ષમાં લેવા યોગ્ય છે.

आदित्यवाररूप दिवस चतुर्दशीप्रमुख तिथि तेहपणइं मानवउ । एतला ज कारणथिकु तिथि त्रुटइं हुंतइं पूर्विली तिथि लिइवी, पणि आगिली न लिइवी, जेतला भगी पूर्विला ज वारनई विषइ बिहुइ तिथि पूरी छइ । इति गाथार्थः ॥ १७ ॥

(ભાષા)—"આજ પૂરી તિથિ છે, વ્હાણે–સવારે તો ઘડી બે ત્રણ પખ્ખી હશે, એ માટે આજ જ પૌષધ કરીએ પણ સવારે ન કરવું,' એવું જાણીને તિથિ વધે ત્યારે પહેલી તિથિ ન લેવી કિંતુ બીજી જ તિથિ આરાધવી. તે શા માટે એ કહેવાને માટે આગલું ગાથાનું અર્ધ કહે છે.—'जं जा० ।'

"કારણ કે ચતુર્દશી પ્રમુખ જે તિથિ તે જે આદિત્ય–રવિ પ્રમુખ વાર સ્વરૂપ દિવસને વિષે પૂરી થાય તે જ રવિવાર રૂપ દિવસ ચતુર્દશી પ્રમુખ તિથિ પણ માનવો. એટલા જ કારણથી તિથિ ક્ષય પામે પહેલી તિથિ લેવી પણ આગલી ન લેવી, જે કારણથી પૂર્વતિથિનાજ વારને વિષે બંને તિથિ પૂરી[૧૩] છે, એમ ગાથાર્થ થયો." ૧૭

---

૧૩ બાલાવબોધકારના આ લખાણથી પણ 'क्षये पूर्वा तिथिः कार्या०' પ્રઘોષનો અર્થ જેઓ 'પર્વ તિથિની ક્ષય વદ્ધિ હોય ત્યારે પૂર્વ અને પૂર્વતર તિથિની ક્ષય વદ્ધિ કરવી' એવો કરે છે તેઓ તદ્દન ખોટો અર્થ કરે છે, તેમજ તેઓ શ્રી પર્વતિથિ પ્રકાશમાં કરેલા શ્રી તત્ત્વતરંગિણીના વિશિષ્ટ વિવેચનાત્મક અનુવાદને જે જુઠ્ઠો કહેતા હતા તે જુઠ્ઠો નથી પરંતુ તદ્દન સાચો છે, એ સંપૂર્ણ પૂરવાર થાય છે. 'क्षये पूर्वा०' પ્રઘોષનો અર્થ એ જ છે કે 'ક્ષય હોય ત્યારે પૂર્વતિથિમાં આરાધના કરવી અને વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર તિથિમાં કરવી.' આમ કરવાથી કલ્યાણક તિથિઓની આરાધનાની માફક દ્વિતીયાદિ પર્વોની તેમ જ જોડીયાં પર્વોની ક્ષય વૃદ્ધિ પ્રસંગે પણ પૂર્વ કે પૂર્વતર તિથિની ક્ષય વૃદ્ધ માની લઇને આરાધના ફેરવવાની તલમાત્ર આવશ્યકતા રહેતી નથી. શ્રી તત્ત્વતરંગિણીની આ ગાથાની સ્વોપજ્ઞ ટીકાગત અક્ષરોના આધારે શ્રી પર્વતિથિ પ્રકાશ પૃ. ૧૧૪ તથા ૧૮૨ માં કરાયેલ નીચેના ઉલ્લેખ પણ આ સ્થલે મનનીય છે. જુઓ તે આ રહ્યા—

"જે સૂર્યોદયને પામીને જે તિથિ સમાપ્ત થતી હોય તે તિથિને માટે તે જ સૂર્યોદય પ્રમાણભૂત થાય છે પણ બીજો નહિ. બીજી તિથિઓમાં પણ એ જ પ્રમાણે હોય છે. તેથી જ બે સૂર્યોદયને પામેલી તિથિનો જે ઉદય સમાપ્તિ સૂચક હોય તે જ પ્રમાણભૂત છે, કેમકે તે ઇચ્છિત વસ્તુની સમાપ્તિ સૂચવે છે. બીજી તિથિઓનો ઉદય સમાપ્તિ સૂચક હોવાથી જેમ પ્રમાણ મનાય છે તેમ વૃદ્ધિમાં પણ જે ઉદય સમાપ્તિ સૂચક હોય તે પ્રમાણ મનાય છે. આકાશનું ફુલ જેમ પ્રમાણભૂત વસ્તુ નથી તેમ જે ઉદય સમાપ્તિ સૂચક ન હોય તે પણ પ્રમાણભૂત નથી." (પૃ. ૧૧૪)

"એટલા જ માટે 'क्षये पूर्वा तिथिर्ग्राह्या"—એ શ્લોક જે શ્રી ઉમાસ્વાતિ મહારાજનો કહેલો છે, એવો વૃદ્ધ સંપ્રદાય છે તે બરાબર છે, કેમકે ચૌદશ–પુનમ આદિ જ્યાં બે પર્વ તિથિઓ સાથે આવી હોય અને તેમાં પુનમ વિગેરેનો ક્ષય હોય ત્યારે એક જ દિવસમાં ચૌદશ–પુનમ બન્ને તિથિઓ સંપૂર્ણ થાય છે, તેથી બેય તિથિઓનું તે દિવસે આરાધન કરાય છે, આને મળતી વાત "तिहिवाए पुव्वतिही" ગાથા ૪ ની વ્યાખ્યામાં અમે કહી દીધી છે." (પૃ. ૧૮૨)

શ્રી તત્ત્વતરંગિણી આદિની ઉપર્યુક્ત ચર્ચાથી એ સ્પષ્ટ સમજાશે કે—

**અવતરણિકા**

हवइ तिथि वाधिइं हुंतइ पूर्विली न लिइवी किंतु आगिलो ज तिथि लिइवी, जेह भणी आगिला ज दिवसनइं विषइ पूर्विली तिथि पूरी थाइ छइ, ए अर्थनइं विषइ लोकप्रसिद्ध दृष्टांत कहीइ छइ—

(ભાષા)—"હવે તિથિ વધે થકે પહેલી ન લેવી કિંતુ આગલી જ તિથિ લેવી, કારણ આગલા–બીજા જ દિવસને વિષે પૂર્વની તિથિ પૂરી થાય છે, એ અર્થને વિષે લોક પ્રસિદ્ધ દૃષ્ટાંત કહે છે"—

ગાથા ૧૮ મી

**लोए वि अ जं कज्जं, गंथप्पमुहं पि दीसए सव्वं ।**
**तं चेव जम्मि दिवसे, पुण्णं खलु होइ सपमाणं ॥ १८ ॥**

नवा ग्रंथनुं करिवुं अथवा ग्रंथनुं लिखवुं इत्यादिक जे कार्य लोकनइं विषइ दीसइ ते कार्य जे वारस्वरूप दिवसनइं विषइं पूरुं थाइ तेह ज दिवस अंगीकरिवु । जिम अमुका वरिससंबंधिउ जे अमुकउ मास तेह माहिलिउ जे अमुकउ दिवस तेहनइं विषइ ए ग्रन्थ पूरु थयु अथवा ए ग्रन्थ लिखिउ इत्यादिक पुस्तकनइं छेढइ लिखीइ । जे दिवसनइं विषइ ग्रंथ पूरु थयु हुइ तीणइ दिवसइं यद्यपि एक श्लोकमात्र

---

"જૈનમત પ્રમાણે પર્વ તિથિની ક્ષય વૃદ્ધિ મનાય નહિ" એમ જેઓ કહે છે તે પણ તેઓનો મિથ્યા પ્રલાપ માત્ર છે. વળી જૈન ટિપ્પણા વિચ્છેદ પામ્યાં છે અને લૌકિક ટિપ્પણા માનવાનો જૈન શાસ્ત્રનો આધાર છે. દીક્ષા પ્રતિષ્ઠાદિના મુહૂર્તો માસ વૃદ્ધિ વિગેરે સઘળું લૌકિક ટિપ્પણાના આધારે જેમ કરાય છે તેમ લૌકિક ટિપ્પણામાં પર્વતિથિ આદિની ક્ષય વૃદ્ધિ પણ જે પ્રમાણે આવેલી હોય તે પ્રમાણે જ આરાધનામાં માનવાની જૈન શાસ્ત્રકારોની આજ્ઞા છે. સંસ્કારના બ્હાના નીચે ટિપ્પણાની અમુક તિથિઓ ફેરવવાનો આગ્રહ આ શાસ્ત્રાજ્ઞાને ઉત્થાપવાના આગ્રહ બરાબર છે, તેનો અમારા બંધુઓ વિચાર કરશે? પુનમ આદિની વૃદ્ધિમાં ટિપ્પણાની પહેલી પુનમ આદિમાં ચૌદશ આદિની ગંધ સરખીયે નથી છતાં શા માટે તે દિવસે ચૌદશ આદિ કરવારૂપ ખોટી પ્રવૃત્તિનો આગ્રહ સેવો છો! આથી તો તમારા સંસ્કારની દૃષ્ટિએ ટિપ્પણાના શ્રાવણ આદિની વૃદ્ધિમાં આષાઢ આદિની વૃદ્ધિ કરનારા પણ પ્રમાણિક બની જશે! શાસ્ત્રકારે આ બધાને અપ્રમાણિક કહ્યા છે, તે ભૂલવું ન જોઇએ. આ વિષયમાં શ્રીહીરપ્રશ્ન–સેનપ્રશ્ન–પ્રવચનપરીક્ષાનાં પ્રમાણો સચોટ છે, તે મધ્યસ્થ દૃષ્ટિએ વિચારશો. વિસ્તારના ભયથી અમે અહીં લખતા નથી. ખૂબી તો એ છે કે તિથિની ક્ષય વૃદ્ધિ પલટાવવામાં જેઓએ 'સંસ્કાર'નું ભૂત ખડું કર્યું છે તેઓએ જ પ્રઘોષના ઉત્તરાર્ધમાં ફરમાવ્યા મુજબ લોકાનુસારે જ્યારે ચૌદશે દિવાળી–નિર્વાણ કલ્યાણક–આરાધવાનો પ્રસંગ આવે છે ત્યારે ચૌદશી અમાસનો સંસ્કાર કરતા નથી. અને ચૌદશ વિગેરે પાલટતા પણ નથી. તથા દિવાળી ચૌદશી કરીને વચમાં અમાસનું આંતરું રાખી બેસતું વર્ષ એકમે કરે છે ત્યાં દિવાળી અને બેસતું વર્ષ સાથે પણ થઇ શકતું નથી એમને પૂછો કે અહીં તમારો સંસ્કાર ક્યાં સૂઇ ગયો? એટલે આ 'સંસ્કાર'ની ઉભી કરાયેલી વાતો પણ જૂઠી છે. આ સત્યને સમાજના શ્રેયને માટે હજુ પણ આ ભાઇઓ સમજે અને આદરે એમ આપણે સહૃદયતાથી ઇચ્છીશું. અસ્તુ.

लिखिउ हुइ तुहइ पणि तेह ज दिवस प्रमाण करिवु, पणि जे दिवसनइं विषइ उदयथिकु मांडीनइं आथमिआं लगइ सइंबद्ध श्लोक कीधा हुइ अनइ ग्रन्थ पूरु थियु न हुइ ते पूर्विलिउ दिवस प्रमाण नही, जेह भणी तेह पूर्विलिआ दिवसनइं विषइ शास्त्र पूरुं थयुं नथी। तउ ईणइं प्रकारइं करी तेह ज दिवस मानवु (जे) दिव(स)नइं विषइ तिथि पूरी थई हुइ, पणि पूर्विली न मानवी। हवइ कोइ एक इम कहइ–तिथि त्रुटइं हुंतइ एकइ दिहाडइ बिइ तिथि मानु छउ तिह्यां किसिउ दृष्टांत? तेहनइ इम कहीइ–जिम कोइ एक पुरुष एकइं ज दिहाडइ बिइ कार्य करीनइ इम कहइ जे आज मइं बिइ कार्य पूरां कीधा तीणइ प्रकारइं जे दिवसनइं विषइ बिइ तिथि पूरी थई हुइ तेह ज प्रमाण। इति गाथार्थः॥ १८॥

(ભાષા)—"નવા ગ્રંથનું કરવું અથવા ગ્રંથનું લખવું ઈત્યાદિક જે કાર્ય લોકને વિષે દેખાય તે કાર્ય જે વાર સ્વરૂપ દિવસને વિષે પુરૂં થાય તે જ દિવસ અંગી કરવો. જેમ અમુક વર્ષ સંબંધી જે અમુક માસ તેમાં જે અમુક દિવસ તેને વિષે એ ગ્રંથ પૂરો થયો, અથવા એ ગ્રંથ લખ્યો, ઇત્યાદિક પુસ્તકને છેડે લખાય છે. જે દિવસને વિષે ગ્રંથ પૂરો થયો હોય તે દિવસે યદ્યપિ એક શ્લોક માત્ર લખ્યો હોય તો પણ તે જ દિવસ પ્રમાણ કરવો, પણ જે દિવસને વિષે ઉદયથી માંડીને અસ્ત સુધી સેંકડો શ્લોક કર્યા હોય, અને ગ્રંથ પૂરો થયો ન હોય તે પૂર્વલો દિવસ પ્રમાણ નહિ, કારણ તે પૂર્વના દિવસને વિષે શાસ્ત્ર પૂરૂં થયું નથી. તો[૧૪] એ પ્રકારે કરી તે જ દિવસ માનવો જે દિવસને વિષે તિથિ પૂરી થઈ હોય, પણ પૂર્વની ન માનવી. હવે કોઇ એક એમ કહે 'તિથિ ક્ષય પામે ત્યારે એક દિવસે બે તિથિ માનો છો ત્યાં કયો દૃષ્ટાંત?' તેને એમ કહીએ—'જેમ કોઇ એક પુરૂષ એક જ દિવસે બે કાર્ય કરીને એમ કહે જે 'આજ મેં બે કાર્ય પૂરાં કર્યાં' તે પ્રકારે જે દિવસને વિષે બે તિથિ પૂરી થઈ હોય તે જ પ્રમાણ એમ ગાથાર્થ થયો. ૧૮

**અવતરણિકા**

हवइ 'वाधी जे तिथि तेहनी पूर्विली तिथि पूरी छइ तेह भणी पहिली तिथि मानवी' एहवु जे कहइ तेहनइ असत्य लागइ छइ, ते देषा(खा)डीइ छइ—

(ભાષા)—"હવે 'વધી જે તિથિ તેની પૂર્વની તિથિ પૂરી છે તે માટે પહેલી તિથિ માનવી,' એવું જે કહે તેને અસત્ય લાગે છે, તે દેખાડે છે"—

### ગાથા ૧૯ મી

## तं पुण असच्चवयणं, जं भणइ अज्ज पुण्णतिहिदिवसो।
## जं ण्णं पुरो वि दुगतिग–घडिआ वट्टंति तीसे य॥ १९॥

---

૧૪. આ ઉલ્લેખ સાફસાફ સાબીત કરે છે કે ક્ષય વૃદ્ધિ પ્રસંગે તેનાથી પૂર્વ પૂર્વતર તિથિની ક્ષય વૃદ્ધિ કરવાનો ચાલ અશાસ્ત્રીય છે. અને ક્ષય પ્રસંગે એક જ દિવસે બે તિથિની ભેગી આરાધના કરવાની તેમ જ વૃદ્ધિ પ્રસંગે પહેલી તિથિ ફલ્ગુ અથવા બોખા તિથિ રાખવાની રીત જ ખરી–શાસ્ત્રીય છે.

आज पूरी तिथि छइ एहवु जे कहीइ ते असत्य भाषा जाणिवी, जेह भणी आगिलिआ दिवसनइं विषइ पूर्विली जे तिथि तेहनी जे घडी २।३ वर्तइ छइ। कोइ एक इम कहइ जे पूर्विली ज तिथिनी घडी २।३ वर्तइ छइ ते किम जाणीई? तेहनइं इम कहीइ—'सावधान थई नइं सांभलि, जि वारइं ५६ घडी तेरसि हुइ अनइं ति वार पछी ६६ घडी चतुर्दशी हुइ तिवारइ ४ घडी चतुर्दशीनी तेरसिमाहि गई, अनइ ६० घडी संबधिउ वाररूप दिवस गयु, एतलइ ६४ घडी हुई, हवइ थाकती जे २ घडी ते आगिलिआ दिवसनइ विषइ वर्तइ छइ, एह कारणथिकु तिथि वाधी कहीइ, अनइ थाकती जे २ घडी ते चतुर्दशीनु ज अंश जाणिवु, एतला मणी ते अंश अणछतइ हुंतइ ते पूर्विली तिथि पूरी किम काई कहीइ? ते तिथि पूरी तउ हुइ जउ ६६ घडीनु दिवस हुइ! जेह भणी घडी २।३ आगिलिआ दिवसनइ विषइ वर्तइ छइ तेह भणी पूर्विली तिथि पूरी न कहीइ। तेहनइ विषइ दृष्टांत कहीइ छइ—जिनमतनइं विषइ असंख्यातप्रदेशरूप आत्मा छइ, अनइ ते आत्माथिकु कल्पनाइ करी एकइ प्रदेश बाहिरिउ काढिइ हुंतइ जिम ते आत्मा पुरु न कहीइ, ईणइ प्रकारइ २।३ घडी आगिलिआ दिवसनइ विषइ वर्ततइं हुंतइ पूर्विली तिथि पुरी न कहीइ। जे इम कहइ जे 'बीजा दिवसनइ विषइ घडी थोडी छइ एतला भणी तेह घडी २।३ लेखवीइ नही,' हवइ तेहनइ इम कहीइ—'जउ इम छइ तउ १।२ घडीइ करी सहित एहवीइ (जे) तिथि छतइ हुंतइ 'आज अमुकी तिथि छइ' इम कांइ कहु?' 'तउ थोडा भणी लेखवींइ नही एहवु न्याय किह्यां प्रवर्तावीइ?' जे इम कहइ तेहनइ इम कहीइ—'सबल-निर्बलपणु आश्रीनइ ए न्याय जाणिवु.'। तिह्यां दृष्टांत कहीइ छइ—जिम सेलडीरसिइ करी भरिउ १ घडो हुइ, अनइ तेह माहि कोइ एक पुरुष पाणीना २।३ बिंदूआ पे(खे)पवइ ज ते लेखवीइ नही, जेह भणी ते पाणीन बिंदूआ निर्बल छइ, अनइ हालाहलविषनु एकइ बिंदूउ लेखवीइ, जेह भणी एकइ ते विषनु बिंदूउ जीवितव्यनु हरणहार छइ। इणइ प्रकारइ सबल–निर्बलपणुं आश्रीनइ ए न्याय जाणिवु। इति गाथार्थः ॥ १९ ॥

(ભાષા)—"આજ પૂરી તિથિ છે એવું જે કહે તે અસત્ય ભાષા[૧૫] જાણવી. કારણ આગલા દિવસને વિષે પૂર્વની જે તિથિ તેની જ ઘડી બે ત્રણ વર્તે છે. કોઈ એક એમ કહે કે 'પૂર્વની જ તિથિની ઘડી બે ત્રણ વર્તે છે તે કેમ જાણીએ?' તેને એમ કહીએ— 'સાવધાન થઈને સાંભળ, જે વારે છપ્પન ઘડી તેરસ હોય અને તે પછી છાસઠ ઘડી ચતુર્દશી હોય તેવારે ચાર ઘડી ચતુર્દશીની તેરસમાં ગઈ અને સાઠ ઘડી સંબંધી વાર રૂપ (બીજો) દિવસ ગયો, એટલે ચોસઠ ઘડી થઈ, હવે બાકી રહી જે બે ઘડી તે આગલા દિવસને વિષે વર્તે છે, એ કારણથી તિથિ વધી કહીએ; અને બાકીની જે બે ઘડી તે ચતુર્દશીનો જ અંશ જાણવો, એટલા માટે તે અંશ ન હોયે થકે તે પૂર્વની તિથિ પૂરી કેમ

૧૫. આજ પ્રમાણે ચૌદશ વગેરેના ક્ષય વૃદ્ધિએ તેરસ વિગેરેની ક્ષય વૃદ્ધિ આચરવી તે પણ બધું મૃષાવાદ અને મૃષા આચરણ જ છે. કારણ જે પ્રમાણે વ્યવહાર કરાય છે તે પ્રમાણે વસ્તુ સ્થિતિ નથી, અર્થાત્ તે દિવસે તેરસ વિગેરે છે, પણ ચૌદશ વિગેરે નથી.

કરીને કહીએ ? તે તિથિ પૂરી તો હોય જો છાસઠ ઘડીનો દિવસ હોય ! જે માટે ઘડી બે ત્રણ આગલા દિવસને વિષે વર્તે છે તે માટે પૂર્વની તિથિ પૂરી ન કહીએ. તેને વિષે દૃષ્ટાંત કહે છે—જિનમતને વિષે અસંખ્યાત પ્રદેશરૂપ આત્મા છે, અને તે આત્માથી કલ્પનાએ કરી એકાદો પ્રદેશ બહાર કાઢે થકે જેમ તે આત્મા પૂરો ન કહીએ, એ પ્રકારે બે ત્રણ ઘડી આગલા દિવસને વિષે વર્તે થકે પૂર્વની તિથિ પૂરી ન કહીએ. જે એમ કહે કે 'બીજા દિવસને વિષે ઘડી થોડી છે, એ માટે તે ઘડી બે ત્રણ ગણીએ નહિ,' હવે તેને એમ કહીએ—'જો એમ છે તો એક બે ઘડીએ કરી સહિત એવી જે તિથિ છતી હોય (અર્થાત્ ઉદય તિથિ હોય) ત્યારે 'આજ અમુક તિથિ છે' એમ કેમ કહો છો ?' 'તો થોડાને ગણવું નહિ એ ન્યાય કયાં પ્રવર્ત્તાવીએ' જે એમ કહે, તેને એમ કહીએ—'સબલ નિર્બલપણું આશ્રીને એ ન્યાય જાણવો. ત્યાં દૃષ્ટાંત કહે છે—જેમ શેરડી રસે કરી ભર્યો એક ઘડો હોય અને તેમાં કોઈ એક પુરૂષ પાણીના બે ત્રણ બીંદુઓ નાખે તે ગણીએ નહિ, કારણ તે પાણીના બીંદુઓ નિર્બલ છે અને હાલાહલ વિષનો એક બીંદુ પણ ગણીએ, કારણ એક પણ તે વિષનો બીંદુ જિવિતવ્યનું હરણ કરે છે. એ પ્રકારે સબલ નિર્બલપણું આશ્રીને એ ન્યાય જાણવો, એમ ગાથાર્થ થયો. ૧૯

## અવતરણિકા

हवइ केइ एक तीर्थंकरनी आज्ञा अणमानता हुंता चउदसिइं चउमासुं नथी मानता ते ईम कहइ छइ—'श्री सूअगडांग नइं अनुसारइं तु पूनिमिं ज चउमासुं मानिउं जोईइ, पणि चउदसिं नहीं, जि केइ चउदसिं चउमासुं मानइं तेहनइं मोटुं असत्य लागइ छइ।' एहवो जे कदाग्रहरूप पिशाचीनु ग्रह तेह टालवानइं काजइं मंत्ररूप गाथायुगल कहीइ छइ—

(ભાષા)—"હવે કેઇ એક તીર્થંકરની આજ્ઞા નહિ માનતા થકા ચૌદશે ચોમાસું નથી માનતા તે એમ કહે છે—'શ્રી સુયગડાંગને અનુસારે તો પુનમે જ ચોમાસું માનવું જોઇએ, પણ ચૌદશે નહિ, જે કોઈ ચૌદશે ચોમાસું માને તેને મોટું અસત્ય લાગે છે.' આવો જે કદાગ્રહ રૂપ પિશાચીનો ગ્રહ તે ટાલવાને માટે મંત્રરૂપ ગાથા યુગલ કહે છે."

## ગાથા ૨૦–૨૧

**तं पि य तित्थयराणं, आणा तह जीयपालणं होइ।**
**पज्जोसवणचउत्थी, पक्खियदिवसे चउम्मासं ॥ २० ॥**
**जं वायणंतरे पुण, इच्चाई कप्पसुत्तमाईसु।**
**संदेहविसोसहिए, तस्सट्ठो वण्णिओ अ पुणो ॥ २१ ॥**

जे चउथिनइं दिहाडइ पजूसणनुं मानवुं अनइं पाषी(खी)नइं दिहाडइं जे चउमासीनुं करिवुं ते तीर्थंकरनी आज्ञा जाणिवी, तिम जीतव्यवहारनुं पणि पालवुं हुइ। इति प्रथमगाथार्थः ॥ २० ॥

(ભાષા)—"જે ચોથને દિવસે પર્યુષણનું માનવું અને પખ્ખીને દિવસે જે ચોમાસીનું કરવું તે તીર્થંકરની આજ્ઞા જાણવી, તેમ જિતવ્યવહારનું પણ પાલવું હોય. એમ પ્રથમ ગાથાર્થ થયો." २०

चउथिइं पजूसण अनइं पाषी(खी)[न]इं चउमासुं कीजइ एहवी तीर्थंकरनीइ आज्ञा छइ किंवा नथी एहवो जे संदेह [प्रतिइं] जि केइ करइ तेह उद्दिसीनइं बीजी गाथानु अर्थ कहीइ छइ—'जं०'। जेह भणी 'वायणंतरे पुण' इत्यादिक पाठ श्रीकल्पसूत्रनइं विषइ कहिउ छइ अनइं तेहनी 'संदेहविषौषधी' इसिइं नामइं जे टीका तेहनइं विषइ एह आलवानु अर्थ वषा(खा)णिउ छइ। हवइ चउथिइं पजूसण अनइं चउदसीइं चउमासुं एहवुं जे पूर्विइं कहिउं तेहना संवादनइ काजइ कल्पसूत्रनु आलावो लिखीइ छइ—"वायणंतरे पुण अयं नवसयतेणउए संवच्छरे काले गच्छइ इति दीसइ"। एह श्रीकल्पसूत्रनु पाठ एहनु अर्थ लिखीइ छइ—"त्रिनवतियुतनवशतपक्षे व्यितता कालेन पञ्चम्याश्चतुर्थ्यां पर्युषणापर्व प्रववृते" इत्यादि। एह अक्षरनइं अनुसारइं पंचमीथिकु चउथिइं पजूसण प्रवर्तिउं। वली तेह ज टीकानइं विषइ कहिउं छइ—

सालाहणेण रण्णा, संघाएसेण कारिओ भयवं।
पज्जोसवण चउत्थीए, चाउम्मासं चउद्दसी[सिं] ॥ १ ॥
चउमासगपडिकमणं, पक्खियदिवसम्मि चउविहो संघो।
नवसयतेणउएहिं, आयरणं तं पमाणं ति ॥ २ ॥

इत्यादिक तित्थुग्गाली प्रमुख जे ग्रंथ तेहनइं विषइ कहिउं छइ। हवइ कोइ एक इम कहइ जे 'तीर्थंकरइं तु पजूसण पांचमिं अनइ चउमासुं पूर्णिमाइं कीधुं, तेह कारण आपण पणि तिम ज करीइ,' ईम जे कहइ तेह प्रतिइं इम कहीइ—'रे बापडाउ! तीर्थंकरनो आज्ञा ज मानवी पणि कर्तव्य करिवु नहीं, जउ तीर्थंकरनु कर्तव्य ज करु छउ तउ रजोहरण अनइ मुहपत्ती तेहनुं ग्रहिवुं अनइं पडिक्कमणानुं करिवुं इत्यादिक कर्तव्य कांइ करउ छउ? जेह भणी तीर्थंकरनइं एतला प्रकार कीधा नहीं तउ तुह्मइ एतला वानां किसिइं हेतइं करउ छउ? अनइं शास्त्रनइं विषइ आज्ञा ज मानवी कही छइ, पणि तीर्थंकरनुं कर्तव्य कहिउं नथी'। अनइं जि केइ चउमासुं पूर्णिमाइं मानइ छइ तेहनइ आज्ञानु विराधकपणुं जाणिवुं। जेह भणी ठाणांगनइं विषइ दशविधसमाचारीमाहिं तथाकारसामाचारी कही छइ। तथाकारसामाचारी तेह तणु अर्थ कहीइ छइ—तथाविध जे आचार्य तेहनी आज्ञानुं तहत्ति करीनइ मानवुं तेह तथाकारसामाचारी कहीइ। तउ तुम्हे विचारु-युगप्रधान श्रीकालिकाचार्य तेहनी आज्ञा प्रतिइं जेह न मानइ तेहनइं ठाणांगनइं वचनइं करी आज्ञानुं आराधकपणु किंवा विराधकपणुं? तीर्थंकरइं तु तेहनइं आज्ञानुं आराधकपणुं कहिउं नथी, विचारी जोज्यो। इति द्वितीयगाथार्थः ॥ २१ ॥

"ચોથે પર્યૂષણુ અને પખ્ખીએ ચોમાસું કરવું એવી તીર્થંકરની આજ્ઞા છે કિંવા નથી, એવો જે સંદેહ તેને જે કોઇ કરે તેને ઉદ્દેસીને બીજી ગાથાનો અર્થ કહે છે 'जं ०।' "જે માટે 'वायणंतरे पुण' ઇત્યાદિક પાઠ શ્રી કલ્પસૂત્રને વિષે કહ્યો છે અને તેની 'સંદેહ વિષૌષધી' એવે નામે જે ટીકા તેને વિષે એ આલાવાનો અર્થ વખાણ્યો–વ્યાખ્યા કરી છે. હવે ચોથે પર્યૂષણુ અને ચૌદશે ચોમાસું એવું જે પૂર્વે કહ્યું તેના સંવાદને માટે કલ્પસૂત્રનો આલાવો લખીએ છીએ—

"वायणंतरे पुण अयं नवसयतेणकुउए संवच्छरे काले गच्छइ इति दीसइ"।

એ શ્રી કલ્પસૂત્રનો પાઠ, એનો અર્થ લખીએ છીએ–"નવસો ત્રાણું એટલા કાલે પાંચમનું ચોથે પર્યૂષણાપર્વ પ્રવર્ત્ત છે" ઇત્યાદિ એ અક્ષરને અનુસારે પંચમીથી ચોથે પર્યૂષણુ પવર્ત્યું. વલી તે જ ટીકાને વિષે કહ્યું છે—

"ભગવાન કાલકસૂરિજીએ શાતવાહન રાજાપ્રમુખસંઘના આગ્રહથી પર્યૂષણા ચોથે અને ચોમાસી ચૌદશે કરી ॥૧॥ શ્રી ચતુર્વિધ સંઘે પખ્ખીને દિવસે નવસો ત્રાણું વર્ષે ચોમાસી પ્રતિક્રમણ કર્યું, તે આચરણા પ્રમાણ છે. ॥૨॥

ઇત્યાદિક તીર્થોદ્દ્ગારિક પ્રમુખ જે ગ્રંથ તેને વિષે કહ્યું છે. હવે કોઇ એક એમ કહે કે–'તીર્થંકરે તો પર્યૂષણા પાંચમે અને ચોમાસું પૂનમે કર્યું તે કારણ આપણે પણ તેમજ કરીએ,' એમ જે કહે તેને એમ કહીએ–'રે બાપડાઓ! તીર્થંકરની આજ્ઞા જ માનવી, પણ કર્ત્તવ્ય કરવું નહિ. જો તીર્થંકરનું કર્ત્તવ્ય જ કરો છો તો રજોહરણ અને મુહપત્તિ તેનું ગ્રહવું અને પ્રતિક્રમણનું કરવું ઇત્યાદિક કર્ત્તવ્ય શા માટે કરો છો? કારણ તીર્થંકરે એટલા પ્રકાર કર્યા નથી તો તમે એટલાં વાનાં શા માટે કરો છો? અને શાસ્ત્રને વિષે આજ્ઞા જ માનવી કહી છે, પણ તીર્થંકરનું કર્ત્તવ્ય કહ્યું નથી.[૧૬]' અને જે કોઇ ચોમાસું પૂનમે માને છે તેને આજ્ઞાનું વિરાધકપણું જાણવું. કારણ ઠાણાંગને વિષે દશવિધ સામાચારીમાં તથાકાર સામાચારી કહી છે. તથાકાર સામાચારીનો અર્થ કહીએ છીએ–તથાવિધ જે આચાર્ય તેની આજ્ઞાનું તહત્તિ કરીને માનવું તે તથાકાર સામાચારી[૧૭] કહીએ. તો તમે વિચારો–યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય તેની

---

૧૬. "આ સ્થલે શ્રી પર્વતિથિ પ્રકાશ પૃ. ૧૮૯ થી ૧૯૮ અને પૃ. ૨૧૪ થી ૨૧૯ વિચારવા. શ્રી તીર્થંકર ભગવાને કર્યું તેમ કરવાનો આગ્રહ ધરાવવો ખોટો છે. જે કરણીય છે તે સર્વ તેમની આજ્ઞામાં આવી જ જાય છે. આથી પણ સમજાશે કે પાંચમ–પુનમનો આગ્રહ પકડી ચોથ–ચૌદશને વિરાધનારા શ્રી તીર્થંકર ભગવાનની આજ્ઞા અને આચરણા ઉભયનો લોપ કરનારા ઠરે છે.

૧૭ તથાકાર સામાચારી તથાવિધ આચાર્યની આજ્ઞા આદિને માનવાનું ફરમાવે છે. વર્તમાનમાં પુનમ વિગેરેની ક્ષય–વૃદ્ધિએ તેરસ વિગેરેની ક્ષય–વૃદ્ધિ કરવાની પ્રવૃત્તિ પૂ. આ. શ્રીવિજયદેવસૂરિજીના નામે ચઢાવવાનો જે કેટલાકો તરફથી પ્રયાસ થાય છે તે છલકપટથી ભરેલો છે. એટલા જ માટે તિથિચર્ચામાં નિમાયેલા પુનાના વિદ્વાન્ લવાદ પી. એલ. વૈદ્યને પોતાના નિર્ણયમાં એવાં પાનાં અને મતપત્રકોને શાસ્ત્રાભાસ એટલે કે ગેરપૂરવાર જણાવવાં પડ્યાં છે. એટલે સ્પષ્ટ છે કે પૂર્વાચાર્યોની શાસ્ત્રીય પ્રવૃત્તિને દૂષિત કરનારી સાવદ્ય પોષક વર્તમાનની કહેવાતી અશાસ્ત્રીય પ્રવૃત્તિને આરાધનાના ખપી આત્માઓએ જેમ સર્વથા વર્જી છે તેમ અન્ય પણ ખપી આત્માઓએ તુર્ત વર્જી જ દેવી જોઇએ.

આજ્ઞાને જે ન માને તેને ઠાણાંગને વચને કરી આજ્ઞાનું આરાધકપણું કે વિરાધકપણું ? તીર્થંકરે તો તેને આજ્ઞાનું આરાધકપણું કહ્યું નથી. વિચારી જોજો. એમ દ્વિતીય ગાથાર્થ થયો. ૨૧

### અવતરણિકા

हवइ पूर्विइं जे कहिउं तेहनु उपसंहार कीजइ छइ—

(ભાષા)—"હવે પૂર્વે જે કહ્યું તેનો ઉપસંહાર કરે છે"

### ગાથા ૨૨ મી

**[૧૮]एवं तिहितवनियमो, कहिओ नियमेण वीअरागेण।**

**सेस तिहीसु अ भयणा, जिणवयणविऊहिँ नायव्वा॥ २२॥**

अष्टमी अनइ चतुर्दशी एह बिहि तिथिनइं विषइ चउत्थतप करिवो ज, अनइं चउमासइं छट्ठ करिवो ज, अनइं पर्युषणा पर्वनइं विषइं अट्ठम करिवो ज, ईणइं प्रकारइं तीर्थंकरइं तपनु निश्चय कहिउ, पणि 'पाखी(खी) चउमासानइं विषइ चउत्थ छट्ठ करीजइ पणि न कीजइ पणि' एहवी भजना कहा नथी। बीजी तिथिनइं विषइ भजना कही छइ, जेह भणी बीजो तिथिइं पोसहादिकनइं अणकरिवइं प्रायश्चित्त कहिउं नथी एह कारण भणी जिनवचनना जाण जे पुरुष तीणइ बीजी तिथिनइं विषइ भजना जाणिवी। इति गाथार्थः॥ २२॥

(ભાષા)—"આઠમ અને ચૌદશ એ બે તિથિને વિષે ઉપવાસ તપ કરવો જ, અને ચોમાસે છઠ કરવો જ, અને પર્યૂષણા પર્વને વિષે અઠમ કરવો જ, એ પ્રકારે તીર્થંકરે તપનો નિશ્ચય કહ્યો (છે), પણ 'પખ્ખી ચોમાસીને વિષે ઉપવાસ છઠ કરવો પણ (અને) ન કરવો પણ' એવી ભજના-વિકલ્પ કહ્યો નથી. બીજી તિથિને વિષે ભજના કહી છે, કારણ બીજી તિથિએ પૌષધાદિકને ન કરવાએ પ્રાયશ્ચિત્ત કહ્યું નથી. એ કારણ માટે જિનવચનના જાણ જે પુરૂષ તેને બીજી તિથિને વિષે ભજના જાણવી. એમ ગાથાર્થ થયો." ૨૨

### અવતરણિકા

थाकती तिथिनइं विषइ भजन(ना) जणाविवानइं काजइं आगिली गाथा कहीइ छइ—

(ભાષા)—"બાકી તિથિને વિષે ભજના જણાવવાને માટે આગલી ગાથા કહે છે—"

### ગાથા ૨૩ મી

---

૧૮ આ ગાથા અને આ પછીની ૨૩-૨૪ મી ગાથાઓનો ક્રમાંક મુદ્રિત તત્ત્વતરંગિણીમાં ૩૩-૩૪-૩૫ છે.

## अन्नहकरणपमाए, पच्छित्तपरूवणा कया होइ।
## पडिसिद्धकरणओ पुण, तं चेव हविज्ज महसद्दं ॥ २३ ॥

जउ बीजी तिथिनइं विषइं निश्चय हुइ तउ पोसहादिकनइं अणकरिवइं प्रायश्चित्त कहिउं जोईइ, प्रायश्चित्त तु कहिउं नथी, तेह भणी भजना ज जाणिवी। अनइं जउ बीजी तिथिनइं विषइ पौषधादिकनु निषेध हुइ तउ बीजी तिथिइं पौषधादिकना करिवानइं विषइ 'महा' एहवो शब्द पूर्विइं छइ जेहनइ एहवुं प्रायश्चित्त—एतलइ महा प्रायश्चित्त कहिउं हुइ, जेह भणी तीर्थकरइं कहिउ जे विधि तेहना अणकरिवानइं विषइ जे प्रायश्चित्त आवइ तेहनी अपेक्षाइं तीर्थंकरइं निषेधिउं जे अनुष्ठान तेहना करिवानइं विषइ महाप्रायश्चित्त लागइ। हवइ कोइ एक इम कहइ—'तीर्थंकरइं कहिउं जे अनुष्ठान तेहना अणकरणहार जेह पुरुष तेहनी अपेक्षाइं भगवंतइं अणउपदेसी जे अधिकी क्रिया—तीर्थंकरइं उभयकालनइं विषइ २ पडिक्कमणां कहिआं छइ ते विधिप्रतिइं उल्लंघीनइ त्रणि पडिक्कमणा करइ ते अधिकी क्रिया कहीइ— तेहना करणहारनइं महाप्रायश्चित्त ऊपजइ, ते किम कांई जाणीइ?'। तेहनइ इम कहीइ—' अहो महाभाग! सांभलि, तीर्थंकरइं कहिउं जे अनुष्ठान तेह प्रतिइं तु ते पुरुष न करइ जे महाप्रमादी हुइ ' अनइ ते अधिकी क्रियानु करणहार तु ते हुइ जे प्रमादइंकरी रहित हुइ, ते(जे)ह भणी क्रियानु कष्ट अनिष्ट छइ अनइ दुःखइं करी साधवा योग्य छइ तेह भणी जे अप्रमादी हुइ तेह ज अधिकी क्रियानइं विषइ प्रवर्त्तइ। अनइ अधिकी क्रिया प्रतिइं तेह ज करइ जे पुरुष आपणा थाकता समुदायनइं हीलवानु अर्थी हुइ अनइ तीर्थंकरनां जे वचन तेहनइं अणमानवइं करी महापापी हुइ। अधिकी क्रियानु करणहार तेह ज हुइ जेहनइं तीर्थंकरनां वचननइं विषइ आस्था न हुइ, तिहां कणि दृष्टांत कहीइ छइ— जिम कोइ एक भूष(ख)तृषाइंकरी पीडिउ वटेवाऊ हुइ, सूर्यनइं किरणइंकरी तप्त एहवा ते वटाऊप्रतिइं कोइ एक सत्यवादी मार्गनु जाण एहवुं कहइ—'अहो महाभाग! जेह भणी ईणइ मार्गइं नगर ढुंकडुं छइ तेह भणी ईणइं मार्गइंकरीनइं तुं जा'। एहवुं ते सत्यवादीनुं वचन सांभलीनइं तेहनुं कहिउं अणमानतउ हुंतउ तीणइ मार्गइं न जाइ अनइ बोजइ वेगलइ मार्गइंकरी नगरमाहिं जावा वांछइ। ईणइ प्रकारइं जे पुरुष भगवंतना वचनप्रतिइं सद्दहइ नहीं ते पुरुष भगवंतइं कहिउ जे सुगम मार्ग ते मार्ग प्रति छांडीनइ बीजइ मार्गइंकरी मोक्षरूप जे नगर तेहनइं विषइं पइसवानइं काजइं वांछइ।

हवइ के(को)इ एक पुरुष कदाग्रहवंत कल्याणक अनइं चतुःपर्वीनो जे तिथि तेहथिकु बीजी जे तिथि तेहनइ विषइ पौषधादिकनुं अनुष्ठान अणमानता हुंता इम कहीइ छइ—"पौषधोपवासाऽतिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिवसाचरणीयाविति"। एहवा जे श्रीहरिभद्रसूरिप्रणीत आवश्यकबृहद्वृत्तिना अक्षर तेहनइं अनुसारइं थाकतो तिथिनइं विषइ पोसह प्रमुख जे अनुष्ठान तेहनु निषेध जाणीइ छइ, तेह भणी बीजी तिथिनइं विषइ भजना किम कांई कहु छउ' एहवुं जे कहइ तेहनइं वलतुं

इम कहीइ—'अहो तुम्हनइं शास्त्रना रहस्यनुं अजाणपणुं ! जेह भणी ईणइ वचनइंकरी थाकती तिथिनइं विषइ पोसहादिकनु निषेध करी न सकीइ, जेतला भणी 'सघली तिथिनइ विषइ पोसह करिवो ज' एहवो नियमनु निषेध ईणइं वचनइं जणावीइ छइ। हवइ निश्चयनु जे निषेध ते जणाविवानइं काजइं प्रकार कहीइ छइ "पौषधोपवासाऽतिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ" एतलइ पहिलुं वाक्य "न प्रतिदिवसाचरणीयाविति" एतलइ बीजुं वाक्य जाणिवुं। एह बिहिइ वाक्यनइं छेडइं "एव" एहवो शब्द जोडिइं हुंतइ नियमनिषेध जाणीइ। हवइ 'एव' शब्द जोडिइं हुंतइं जे अर्थ हुइ ते अर्थ कहीइ छइ—'प्रतिनियतदिवस' एहवो जे शब्द तीणइं शब्दइं करीनइं मनमांहिं कल्पिउ जे दिवस तेह ज दिवस कहीइ, ते दिवसनइं विषइ पोसहादिकनुं अनुष्ठान करिवुं ज, एतलइं 'एव' शब्दइं करी सहित पहिला वाक्यनु अर्थ हुउ। हवइ बीजा वाक्यनु अर्थ कहीइ छइ—' पोसह अनइ अतिथिसंविभाग एह बिहिइ दिवस दिवस प्रतिइं करिवा ज' इम नही, एतलइ 'एव' शब्दइं सहित बीजा वाक्यनु अर्थ कहिउ। हवइ कोइ एक इम जाणइ जे 'बिहिइ वाक्यनइ छेडइ 'एव' शब्दनुं जोडवुं ते आपमतिइं कीधुं छइ,' एहवुं जे जाणइ ते पुरुष शास्त्रना अजाण जाणिवा, जेह भणी सघलुं ए वाक्य 'एव' शब्दइंकरीनइं सहित करिवुं, यदुक्तम्—"सर्वं हि वाक्यं सावधारणमामनन्तीति" एह अक्षरनइं अनुसारइं 'एव' शब्द जोडीनइं अर्थ कहितइं हुंतइं बीजी तिथिनइं विषइ जिवारइं इच्छा ऊपजइ तिवारइं पोसहादिकनुं अनुष्ठान करिवुं, पणि 'सदैव करिवुं ज' एहवो निश्चय नहीं, एहवुं सिद्धि पामिउं।

(ભાષા)—"જો બીજી તિથિને વિષે નિશ્ચય હોય તો પૌષધાદિકને નહિ કરવે પ્રાયશ્ચિત્ત કહેવું જોઇએ, પ્રાયશ્ચિત્ત તો કહ્યું નથી, તે માટે ભજના જ જાણવી. અને જો બીજી તિથિને વિષે પૌષધાદિકનો નિષેધ હોય તો બીજી તિથિએ પૌષધાદિકના કરવાને વિષે 'મહા' એવો શબ્દ પૂર્વે છે જેને એવું પ્રાયશ્ચિત્ત એટલે મહા પ્રાયશ્ચિત્ત કહ્યું હોત. કારણ તીર્થંકરે કહી જે વિધિ તેના ન કરવાને વિષે જે પ્રાયશ્ચિત્ત આવે તેની અપેક્ષાએ તીર્થંકરે નિષેધ્યું જે અનુષ્ઠાન તેના કરવાને વિષે મહાપ્રાયશ્ચિત્ત લાગે. હવે કોઈ એક એમ કહે—'તીર્થંકરે કહ્યું જે અનુષ્ઠાન તેના ન કરનાર જે પુરૂષ તેની અપેક્ષાએ ભગવંતે નહિ ઉપદેશી જે અધિક ક્રિયા—તીર્થંકરે ઉભયકાલને વિષે બે પ્રતિક્રમણ કહ્યાં છે, તે વિધિને ઉલ્લંઘીને ત્રણ પ્રતિક્રમણો કરે તે અધિકી ક્રિયા કહીએ—તેના કરનારને મહાપ્રાયશ્ચિત્ત ઉપજે. તે કેમ જાણીએ ?' તેને એમ કહીએ—'અહો મહાભાગ! સાંભલ, તીર્થંકરે કહ્યું જે અનુષ્ઠાન તેને તો તે પુરૂષ ન કરે જે મહાપ્રમાદી હોય, અને તે અધિક ક્રિયાનો કરનાર તો તે હોય જે પ્રમાદે કરી રહિત હોય, કારણ ક્રિયાનું કષ્ટ અનિષ્ટ છે અને દુઃખે કરી સાધવા યોગ્ય છે. તે માટે જે અપ્રમાદી હોય તે જ અધિક ક્રિયાને વિષે પ્રવર્ત્તે. અને [૧૯]અધિક ક્રિયાને તેજ કરે જે પુરૂષ પોતાનાથી બાકી સમુદાયને

૧૯ જેઓ પૂર્ણિમાદિની ક્ષયવૃદ્ધિએ તેરસ આદિની ક્ષયવૃદ્ધિ ન માનનારાઓને અગીયાર તથા તેર પર્વિ કર્યાનો આરોપ કરી પોતે આપમતિથી તેરસ આદિની ક્ષયવૃદ્ધિ માની બાર પર્વિ કર્યાનું મિથ્યાભિમાન સેવે છે તથા ચૌદશ આદિ વિરાધ્યાનું ભુલી જાય છે તેઓ ઉપલા નિયમને મલતા આધકી ક્રિયાને જ કરનારા છે, તે હજીયે તેઓ સમજશે ?

હીલવાનો અર્થી હોય અને તીર્થંકરનાં જે વચન તેને ન માનવાએ કરી મહાપાપી હોય. અધિક ક્રિયાનો કરનાર તે જ હોય જેને તીર્થંકરનાં વચનને વિષે આસ્થા ન હોય, તેમાં દષ્ટાંત કહે છે–'જેમ કોઇ એક ભુખતૃષાથી પીડાતો વટેમાર્ગુ હોય, સૂર્યને કિરણે કરી તપ્ત એવા તે વટેમાર્ગુ પ્રત્યે કોઈ એક સત્યવાદી માર્ગનો જાણ એવું કહે–'અરે મહાભાગ! જે માટે આ માર્ગે નગર ઢુંકડું–નજીક છે તે માટે એ માર્ગે કરીને તું જા,' એવું તે સત્યવાદીનું વચન સાંભળીને તેનું કહ્યું ન માનતો થકો તે માર્ગે ન જાય અને બીજે વેગળે માર્ગે કરી નગરમાં જવા ઇચ્છે.' એ પ્રકારે જે પુરૂષ ભગવંતના વચનને સદ્દહે નહિ તે પુરૂષ ભગવંતે કહ્યો જે સુગમ માર્ગ તે માર્ગને છોડીને બીજે માર્ગે કરી મોક્ષરૂપ જે નગર તેને વિષે પેસવાને માટે ઇચ્છે

"હવે કોઈ એક પુરૂષ કદાગ્રહવંત કલ્યાણક અને ચતુષ્પર્વીની જે તિથિ તેનાથી બીજી જે તિથિ તેને વિષે પૌષધાદિકનું અનુષ્ઠાન ન માનતા થકા એમ કહે છે–"પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ તો પ્રતિનિયત દિવસે કરવા યોગ્ય છે, ન કે પ્રતિ દિવસ આચરવા યોગ્ય છે," એવા જે શ્રી હરિભદ્રસૂરિ પ્રણીત આવશ્યકબૃહદ્‌વૃત્તિના અક્ષર તેને અનુસારે બીજી તિથિને વિષે પૌષધ પ્રમુખ જે અનુષ્ઠાન તેનો નિષેધ જાણીએ છીએ, તે માટે બીજી તિથિને વિષે ભજના–વિકલ્પ કેમ કરીને કહો[૨૦] છો?' એવું જે કહે તેને વળતું એમ કહીએ–'અહો તમોને શાસ્ત્રના રહસ્યનું અજાણપણું! કારણ આ વચને કરી બાકી તિથિને વિષે પૌષધાદિકનો નિષેધ કરી ન શકીએ, કારણ 'સઘલી તિથિને વિષે પૌષધ કરવો જ' એવા નિયમનો નિષેધ આ વચને જણાવે છે. હવે નિશ્ચયનો જે નિષેધ તે જણાવવાને માટે પ્રકાર કહે છે–"પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ પ્રતિનિયત દિવસે કરવા યોગ્ય છે" એટલું પહેલું વાક્ય, "પ્રતિદિવસ આચરવા લાયક નથી," એટલું બીજું વાકય જાણવું. એ બે વાકયને છેડે "एव" શબ્દ જોડતે થકે નિયમ નિષેધ જાણીએ, હવે 'एव' શબ્દ જોડતે થકે જે અર્થ હોય તે અર્થ કહે છે—'પ્રતિનિયત દિવસ' એવો જે શબ્દ તે શબ્દે કરીને મનમાં કલ્પ્યો જે દિવસ તે જ દિવસ કહીએ, તે દિવસને વિષે પૌષધાદિકનું અનુષ્ઠાન કરવું જ, એટલે 'એવ' શબ્દે કરી સહિત પહેલા વાકયનો અર્થ થયો હવે બીજા વાકયનો અર્થ કહે છે–"પૌષધ અને અતિથિ સંવિભાગ એ બે દિવસ દિવસ પ્રત્યે કરવા જ' એમ નહિ, એટલે 'એવ' શબ્દે સહિત બીજા વાકયનો

---

૨૦ આવું માનનારાઓને શ્રી તત્ત્વતરંગિણી ટીકામાં એક આ આપત્તિ પણ આપેલી છે–"તમોએ પણ પર્વતિથિ શિવાયની બીજી તિથિઓમાં પૌષધ સ્વીકારેલો છે. ક્ષીણ આઠમનો પૌષધ સાતમ કે જે અપર્વતિથિ છે તે દિવસે કરનારા તમે શેષતિથિએ પાષધાદિ સ્વીકારનો અપલાપ કરી શકો તેમ નથી." (જુઓ પર્વતિથિ પ્રકાશ પૃ. ૨૨૨) આ હકીકતનો વિચાર કરવાથી પણ સમજી શકાય છે કે 'તેરસને તેરસ કહેવાયજ નહિ' એવા શાસ્ત્રકારના આપેક્ષિક શબ્દો પકડી લઇને તથા બીજી તરફ આંખો મીંચી દઇને જેઓ ટીપણામાં આવેલી ક્ષયવૃદ્ધિને ખસેડી પૂર્વ કે પૂર્વતર તિથિની કલ્પિત જ ક્ષયવૃદ્ધિ કરી નાખે છે તેઓ તદ્દન ખોટું જ કરી રહ્યા છે.

અર્થ કહ્યો. હવે કોઈ એક એમ જાણે કે 'એ વાકયને છેડે 'एव' શબ્દનું જોડવું તે આપમતિએ કર્યું છે,' એવું જે જાણે તે પુરૂષ શાસ્ત્રના અજાણ જાણવા, કારણ સઘલું યે વાકય 'एव' શબ્દે કરીને સહિત કરવું, કહ્યું છે કે–"સર્વ વાકયને વિદ્વાનો અવધારણ સહિત જ માને છે," એ અક્ષરને અનુસારે 'એવ' શબ્દ જોડીને અર્થ કહેતે છતે 'બીજી તિથિને વિષે જે વારે ઇચ્છા થાય તે વારે પૌષધાદિકનું અનુષ્ઠાન કરવું પણ સદૈવ કરવું જ એવો નિશ્ચય નહિ,' એવું સિદ્ધ થયું.

बीजी तिथिइं पोसहप्रमुखकर्तव्यनि प्रतिइं जे निषेधइ तेहनइं आपण एहवुं पूछीइ—'कहउ, प्रतिनियतदिवसशब्दनु किसिउ अर्थ कहउ छउ ? जउ प्रतिनियतदिवसशब्दइं चतुःपर्वी ज कहु तउ कल्याणकतिथिनइं विषइं जे पोसो करु छउ तेह कर्तव्य आज्ञा पाष(ख)इ थाइ, 'चतुःपर्वी अनइ कल्याणकपर्व ए बिहिइ तिथि प्रतिनियतशब्दइं लीजइ' तुहइ पणि पजूसणना पोसानी किसी गति ? हवइ 'प्रतिनियतशब्दइं चतुःपर्वी कल्याणकपर्व अनइ पर्युषणापर्व एह त्रणिहिइ तिथि ग्रहीइ' तिह्मांकणि तेहनइं एहवुं पूछीइ—'पजूसणनु अष्टम पोसह करीनइं कीजइ किंवा पोसह कीधा पाष(ख)इं कीजइ ?' बिहिइ पक्षनइं विषइं जउ पहिलु पक्ष मानीइ तउ बीज अनइ त्रीज तेहनइं विषइ पोसह मानिउ जोईइ । 'पोसह कीधा पाष(ख)इ अट्ठम कीजइ' तेहमाहिं पहिला २ उपवास पोसह कीधा पाष(ख)इ ज कीजइ अनइ त्रीजु पजूसणनु उपवास पोसह करीनइं कीजइ, हवइ जउ एहवो बीजो पक्ष मानइ तउ तेह प्रतिइं इम कहीइए—'तुम्हे जे मानु छउ ते युक्तिइं मिलतुं छइ किं वा युक्तिइं अणमिलतुं छइ ? युक्तिइं मिलतुं छइ एहवुं तु कही न सकीइ, 'जेह भणी कोइ सिद्धांतनइं विषइ एहवुं कहिउं नथी जे पहिला २ उपवा[स] पोसहपाष(ख)इ कीजइ अनइ त्रीजु पजूसणनु उपवास पोसह करीनइं कीजइ !' जउ युक्तिइं अणमिलतुं कहइ छइ तउ इह्माथिकु पर हु जा, पंडितनी सभानइं विषइ किसिउ बइठउ छइ ? जे कारणथिकु पंडितनी सभानइं विषइ तेह ज बइसइ जे पुरुष युक्तिइं मिलतुं कहइ ।

"બીજી તિથિએ પૌષધ પ્રમુખ કર્ત્તવ્યને જે નિષેધે તેને આપણે એવું પૂછીએ– 'કહો प्रतिनियतदिवस' શબ્દનો કેવો અર્થ કહો છો? જો પ્રતિનિયત દિવસ શબ્દે ચતુષ્પર્વી જ કહો તો કલ્યાણક તિથિને વિષે જે પોસો કરો છો તે કર્ત્તવ્ય આજ્ઞા રહિત થાય, ચતુષ્પર્વી અને કલ્યાણકપર્વ એ બે તિથિ પ્રતિનિયત શબ્દે લેવી' તો પણ પર્યૂષણના પોસાની કઈ ગતિ? હવે 'પ્રતિનિયત શબ્દે ચતુષ્પર્વી કલ્યાણકપર્વ અને પર્યુષણાપર્વ એ ત્રણે તિથિ લેવી' ત્યાં તેને એવું પૂછીએ 'પર્યૂષણાનો અઠ્ઠમ પૌષધ કરીને કરવો કે પોષધ કર્યા વિના કરવો?' બે પક્ષને વિષે જો પહેલો પક્ષ માનીએ તો બીજ અને ત્રીજ તેને વિષે પોષધ માનવો જોઈએ. 'પૌષધ કર્યા વિના અઠ્ઠમ કરવો' તેમાં પહેલા બે ઉપવાસ પોષધ કર્યા વિના જ કરવા અને ત્રીજો પર્યૂષણનો ઉપવાસ પૌષધ કરીને કરવો, હવે જો આવો બીજો પક્ષ માને તો તેને એમ કહીએ–'તમે જે માનો છો તે યુક્તિએ મલતું છે કે યુક્તિએ નહિ મલતું છે? યુક્તિએ મલતું છે એવું તો કહી ન

શકીએ, કારણ 'કોઈ સિદ્ધાંતને વિષે એવું કહ્યું નથી કે પહેલા બે ઉપવાસ પૌષધ વિના કરવા અને ત્રીજો પર્યૂષણનો ઉપવાસ પૌષધ કરીને કરવો!' જો યુક્તિએ નહિ મલતું કહે છે તો અહીંથી દૂર થઈ જા, પંડિતની સભાને વિષે કેમ બેઠો[૨૧] છે? જે કારણથી પંડિતની સભાને વિષે તે જ બેસે જે પુરૂષ યુક્તિએ મલતું કહે.

वलीं बीजुं दूषण दीजइ—'चतुःपर्वीइं जे पोषह कीजइ' एहवुं जे तुम्हे कहु छउ ते तुम्हारुं वचन सूत्रसंघातइं विरोध पामइ छइ, जेह भणी विपाक श्रुतांग प्रमुख सिद्धांतनइं विषइ सुबाहुप्रमुख श्रावकइं लागट त्रणि पाषी(स्त्री)ना पोसह कीधा दीसइ छइ। ईणइ प्रकारइ युक्तिवंत एहवा जे सिद्धांतनइं मिलता बचन तीणइ करीनइं दूषिआ हुंता एहवुं [कहवुं] कहइ जे—'प्रतिनियतदिवस शब्दनु अर्थ अम्हे नथी जाणता, तुम्हे ज कहु'। तेहनइं वलतुं इम कहीइ—'जउ इम छइ तउ सावधान थई सांभलउ 'हुं कालि अथवा आज पोसह करीसि' ईणइ प्रकारइं मनमांहिं पोसह करवानी वांछाइं करिनइं जे दिवस चिंतविउं हुइ ते दिवस प्रतिनियतदिवस शब्दइं कहीइ, 'मनमांहिं चिंतविआ दिवसनइं विषइ पोसह करिवुं' एतलइ पहिला वाक्यनु एहवो अर्थ आविउ। हवइ कोइ एक एहवुं जाणसिइ 'जाव दिवसं अथवा जाव अहोरत्तं पज्जुवासामि' ईणइ प्रकारइं जिम पोसहनु उच्चार कीजइ छइ तिम लागट २।३ पोसह करिवानी वांछा थइ हुंते 'जाव दिवसदुगं' अथवा 'जाव दिवसतिगं' ईणइं प्रकारइं पोसह कांइ ऊचरीइ नहीं?' एहवी जे शंका तेह प्रतिइं टालवानइं काजइं "न प्रतिदिवसाचरणीयाविति" एहवुं बीजुं वाक्य कहिउं छइ। जिम चारित्र एकवार ऊचरिउं हुंतुं दिवस दिवस प्रतिइं चालिउं आवइ तिम पोसह एकवार ऊचरिउ हुंतुं दिवस दिवस प्रतिइं चालिउ नावइ अनइ जिम जिनप्रतिमानी प्रतिष्ठा एकवार कीधी हुंती दिवस दिवस प्रतिइं तेह ज आचरीइ तिम अतिथिसंविभाग १वार कीधइ हुंतइ तीणइ ज न सारीइ किंतु दिवस दिवस प्रतिइं शक्तिनइं अनुसारइं पोसह अनइ अतिथिसंविभाग एह बिहिइ नवा नवा ज कीजइ। जउ पोसहनु कर्तव्य चालिउं आवतुं हुइ तउ उपधानमांहिं पहिलइं ज दिहाडइ जाव अट्ठारस

૨૧ વર્તમાન તિથિ ચર્ચાના શાસ્ત્રાર્થમાં હારેલા સૂત્રધારોની આજ મનોદશા છે. તેઓ તિથિ આરાધનામાં જે મનઃકલ્પિત રીતિએ ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિનો વાદ આગલ ધરે છે તે યુક્તિ યુક્ત છે એમ તો મુદ્દલ કહી શકાય તેમ નથી, કેમકે એવું કોઈ તપાગચ્છ માન્ય સિદ્ધાંત સામાચારીમાં બીલકુલ કહ્યું જ નથી અને યુક્તિ રહિત છે તે તો પ્રત્યક્ષ જ વાત છે, કારણ "क्षये पूर्वा तिथिः कार्या०", આખી તિથિચર્ચાના આ મૂલાધાર પ્રઘોષનો અર્થ તેઓને ત્રણ ઠેકાણે મરડવો પડે છે. જેમકે કલ્યાણક પર્વિઓમાં તેઓ સિદ્ધાંતિક અર્થ માનીને ચાલે છે, દ્વિતીયાદિ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવા રૂપ અર્થ કરે છે, અને પૂર્ણિમાદિ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ વળી પૂર્વતર તિથિની ક્ષયવૃદ્ધિ કરે છે. આ દેખીતી રીતે જ અવિદ્વજ્જનોચિત હોવાથી પૂનાના મધ્યસ્થ વિદ્વાન્ પી. એલ. વૈદ્યના લવાદપણા નીચે પાલીતાણા મુકામે ગોઠવાયેલી ચર્ચામાં તેઓની વસ્તુ ટકી શકી નથી, માટે જ 'પંડિત સભામાં બેસવા લાયક ન રહેલ હોય' તો તે કોણ નથી રહેલ તેનો વિચાર નિષ્પક્ષ જનોએ કરવો રહ્યો.

दिवसं पज्जुवासामि ईणइ प्रकारइं एकइ दिवसइं अढारदिवससंबंधिआ पोसह कांइ न कीजइ? एह अर्थ पंडितलोकनइं जाणवा योग्य छइ, एह कारणथिकु जे ते पुरुष आगलि ए अर्थ कहिवो नही, किंतु जि केइ पंडित हुइ तेहनइ ज एह अर्थ कहिवुं । वलि अधिकुं साभलु—जउ 'प्रतिनियत दिवस' शब्दइं चतुःपर्वी ज लीजइ तउ अतिथिसंविभाग तेह पणि चतुःपर्वीइं ज कीधु जोईइ, पणि पोसहना कर्तव्यनी परिइं बीजी तिथिइं करिवो नहीं ! 'अतिथिसंविभाग नवमी प्रमुख जे तिथि तेहनइं विषइ कीजइ' एहवुं जे कहइ तेहनइं इम कहीइ—'जउ इम कहु छउ तउ आठमि प्रमुख तिथिनइं विषइं आज पछी अतिथिसंविभाग न करिवो'। तिम छतइं हुंतइ तुम्हनइं आज्ञानुं विराधकपणुं दीसइ छइ, जेह भणी श्रीजिनवल्लभसूरिइ पौषधविधिप्रकरणनइं विषइ एहवुं कहिउं छइ, ते कहीइ छइ—"अष्टमी प्रमुख जे तिथि तेहनइं विषइ पौषधवंत जे श्रावक तीणइ शक्तिनइं अनुसारइं यतीनइं काजइ अतिथिसंविभागप्रतिइं देईं अरागी अनइं अद्वेषी पणइं करीनइं जिमवुं।" अनइं 'पोसहमाहिं जिमवुं नहीं' एहवु जे कहइ तेह एह अक्षरनइं मेलइं आज्ञाना उत्थापक जाणिवा। इहां युक्ति प(घ)णि छइ तेह युक्ति ग्रंथ वाधइ एह कारणथिकु कहिता नथी, ग्रंथांतरथिकु जाणिज्यो इति गाथार्थः ॥ २३ ॥

વલી બીજું દૂષણુ દે છે–'ચતુષ્પર્વીએ જે પૌષધ કરવો' એવું જે તમે કહો છો તે તમારૂં વચન સૂત્ર સંઘાતે વિરોધ પામે છે, કારણુ વિપાકસૂત્રકૃતાંગ પ્રમુખ સિદ્ધાંતને વિષે સુબાહુપ્રમુખ શ્રાવકે લાગટ ત્રણ પખ્ખીના પૌષધ કર્યા દેખાય છે. આ પ્રકારે યુક્તિવંત એવા જે સિદ્ધાંતને મલતાં વચન તેને કરીને દૂષિત થયા થકા એવું કહે કે–'પ્રતિનિયત દિવસ શબ્દનો અર્થ અમે નથી જાણતા, તમે જ કહો.' તેને વલતું એમ કહીએ-'જો એમ છે તો સાવધાન થઇ સાંભલો, 'હું કાલે અથવા આજ પૌષધ કરીશ' એ પ્રકારે મનમાં પૌષધ કરવાની ઈચ્છાએ કરીને જે દિવસ ચિંતવ્યો હોય તે દિવસ 'પ્રતિનિયત દિવસ' શબ્દે કહીએ, 'મનમાં ચિંતવેલા દિવસને વિષે પૌષધ કરવો' એટલે પહેલા વાકયનો એવો અર્થ આવ્યો. હવે કોઈ એક એવું જાણસે 'जाव दिवसं અથવા जाव अहोरत्तं पज्जुवासामि' એ પ્રકારે જેમ પોસહનો ઉચ્ચાર કરીએ છીએ તેમ લાગટ બે ત્રણ પોસહ કરવાની ઈચ્છા થાય ત્યારે जावदिवसदुगं અથવા जावदिवसतिगं એ પ્રકારે પોસહ કેમ ઉચ્ચરીએ નહિ?' એવી જે શંકા તેને ટાલવાને માટે "न प्रतिदिवसाचरणीयाविति" એવું બીજું વાકય કહ્યું છે. જેમ ચારિત્ર એક વાર ઉચ્ચર્યું થકું દિવસ દિવસ પ્રત્યે ચાહ્યું આવે તેમ પૌષધ એક વાર ઉચ્ચર્યો થકો દિવસ દિવસ પ્રત્યે ચાહ્યો ન આવે અને જેમ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા એકવાર કરી થકી દિવસ દિવસ પ્રત્યે તે જ આચરીએ તેમ અતિથિસંવિભાગ એક વાર કર્યે થકે તેનાથી જ ન ચલાવીએ કિંતુ દિવસ દિવસ પ્રત્યે શક્તિને અનુસારે પોસહ અને અતિથિસંવિભાગ એ બે ય નવા નવા જ કરીએ. જો પૌષધનું કર્ત્તવ્ય ચાહ્યું આવતું હોય તો ઉપધાનમાં પહેલે જ દિવસે जाव अट्ठारसदिवसं पज्जुवासामि એ પ્રકારે એકે દિવસે અઢાર દિવસ સંબંધિઆ પૌષધ કેમ ન કરીએ? આ અર્થ પંડિત લોકને જાણવા યોગ્ય છે, એ કારણથી જે તે પુરૂષ આગલ એ અર્થ કહેવો નહિ, કિંતુ જે કોઇ પંડિત

હોય તેને જ એ અર્થ કહેવો. વળી અધિક સાંભળો—જો 'પ્રતિનિયત દિવસ' શબ્દે ચતુષ્પર્વી જ લઇએ તો અતિથિસંવિભાગ તે પણ ચતુષ્પર્વીએ જ કરવો જોઇએ, પણ પોસહના કર્ત્તવ્યની પેઠે બીજી તિથિએ કરવો નહિ ! 'અતિથિસંવિભાગ નામ પ્રમુખ જે તિથિ તેને વિષે કરીએ' એવું જે કહે તેને એમ કહીએ—'જો એમ કહો છો તો આઠમ પ્રમુખ તિથિને વિષે આજ પછી અતિથિસંવિભાગ ન કરવો.' તેમ થયે થકે તમોને આજ્ઞાનું વિરાધકપણું દેખાય છે, કારણ શ્રી જિનવલ્લભસૂરિએ પૌષધવિધિ પ્રકરણને વિષે એવું કહ્યું છે, તે કહે છે–"અષ્ટમી પ્રમુખ જે તિથિ તેને વિષે પૌષધવંત જે શ્રાવક તેણે શક્તિને અનુસારે યતિને માટે અતિથિસંવિભાગને આપી અરાગી અને અદ્વેષીપણે કરીને જમવું" અને 'પોસહમાં જમવું નહિ' એવું જે કહે તે આ અક્ષરને મેલે-આધારે આજ્ઞાના ઉત્થાપક જાણવા. અહીં યુક્તિ ઘણી છે, તે યુક્તિ ગ્રંથ વધે એ કારણથી કહેતા નથી, ગ્રંથાંતરથકી જાણજો, એમ ગાથાર્થ થયો." ૨૩

**અવતરણિકા**

हवइ कोइ एक इम कहइ जे—'यद्यपि इम अर्थ करतइं बीजी तिथिनइं विषइ पोसह करिवानु निषेध नाविउ, तथापि 'बीजी तिथिनइं विषइ पोसह कीजइ' इम पणि कहिउ नथी,' एहवो जे संदेह तेह प्रतिइं टालवानइं काजइ आगिली गाथा कहीइ छइ—

(ભાષા)—"હવે કોઇ એક એમ કહે કે 'યદ્યપિ એમ અર્થ કરતે બીજી તિથિને વિષે પોસહ કરવાનો નિષેધ ન આવ્યો, તથાપિ 'બીજી તિથિને વિષે પોસહ કરીએ એમ પણ કહ્યું નથી,' એવો જે સંદેહ તેને ટાલવાને માટે આગળી ગાથા કહે છે"—

**+नत्थित्थं किंतु पुणो, कहिअं तत्तत्थगंथमाईसु ।**
**पडिवाईसु अ नियमा, भावेण करिज्ज आण त्ति ।। २४ ।।**

बीजी तिथिनइं विषइ पोसह करिवानु केवलु निषेध नथी एतलुं ज नहीं किंतु बीजी तिथिनइं विषइ अनियमइं करीनइं पोसह कीजइ, एहवुं तत्त्वार्थ प्रमुख ग्रंथनइं विषइ कहिउं छइ । एहवुं छतइं हुंतइ जे बीजी तिथिइं पोसह निषेधइ तेह पुरुष तीर्थंकरनी आज्ञाना अणमानणहार जाणिवा इति गाथार्थः ।।२४।।

(ભાષા)—"બીજી તિથિને વિષે પોસહ કરવાનો કેવલ નિષેધ નથી એટલું જ નહિ કિંતુ બીજી તિથિને વિષે અનિયમે કરીને પોસહ કરવો, એવું તત્ત્વાર્થ પ્રમુખ ગ્રંથને વિષે કહ્યું છે. એવું હોયે છતે જે બીજી તિથિએ પોસહ નિષેધે તે પુરૂષ તીર્થંકરની આજ્ઞા નહિ માનનારા જાણવા એમ ગાથાર્થ થયો." ૨૪

**અવતરણિકા**

हवइ ग्रंथनु करणहार बीजइ अर्थइं करीनइं आ गाथामाहिं आपणुं नाम जणावतो हुंतो ग्रंथनइं आशीर्वादप्रतिइं करइ छइ—

---

+ મુદ્રિત તત્ત્વતરંગિણીમાં આનું પૂર્વાર્ધ આ પ્રમાણે છે—"**नत्थित्थं पडिसेहो कहियं तत्तथभावमाईसु ।**" (જુઓ ગાથા ૩૫)

(ભાષા)—"હવે ગ્રંથના કરનાર બીજે અર્થે કરીને આ ગાથામાં પોતાનું નામ જણાવતો થકો ગ્રંથને આશીર્વાદ પત્યે કહે છે—આશીર્વાદ આપે છે"—

***एवं तिहिआराहणसंकादवदड्ढसाहुसड्ढाणं ।**
**जिणजणिअधम्मसायररइतत्ततरंगिणी जयउ ॥ २५ ॥**

ईणइं प्रकारइं पूर्विइं कही जे **तत्त्वतरंगिणी** ते जयंतवंती वर्तउ । हवइ एह प्रकरणनइं नदीसंघातइं सरिषा(खा)ई देषा(खा)डीइ छइ—जिम बीजी नदीनइं विषइ कल्लोल हुइ तिम एहनइं विषइ तत्त्वरूपिआ कल्लोल छइ, बीजी जे नदी हुइ तेह समुद्रमांहिं जाइ तिम एह तत्त्वतरंगिणी श्रीवर्द्धमानस्वामितीर्थंकरइं कहिउ जे धर्म छे (ते)हरूपिउ जे सागर कहीइ समुद्र तेहनइं विषइ रति छइ जेहनइ एहवी छइ, एतलइ श्रीवर्धमानस्वामिप्रणीत जे धर्म तेहनइं एह तत्त्वतरंगिणी मिलती छइ, एह परमार्थ । अनइ वली बीजी नदी हुइ तेह तापविया जे पुरुष तेहनइं तापनी हरणहारी हुइ तीणइं प्रकारइं तिथिनुं जे आराधवुं तेहनी जे शंका तेह रूपिउ जे दावानल तीणइं करीनइं तापविआ जे पुरुष तेहनइं तापनी हरणहारी छइ, एहवी एह श्रीतत्त्वतरंगिणी चिरकाल जयवंतो वर्तउ इति गाथार्थः ॥ २५ ॥

**इति चिरंतनमुनिमहत्तमकृत श्री तत्त्वतरंगिणीबालावबोधसमाप्त ॥**

(ભાષા)—"એ પ્રકારે પૂર્વે કહી જે **તત્ત્વતરંગિણી** તે જયવંતી વર્તો–હવે એ પ્રકરણને નદી સંઘાતે સરખાવી દેખાડે છે—જિમ બીજી નદીને વિષે કલ્લોલ હોય તેમ એને વિષે તત્ત્વરૂપી કલ્લોલ છે, બીજી જે નદી હોય તે સમુદ્રમાં જાય તેમ આ **તત્ત્વતરંગિણી** શ્રી વર્ધમાનસ્વામિ તીર્થંકરે કહ્યો જે ધર્મ છે તે રૂપી જે સાગર એટલે સમુદ્ર તેને વિષે રતિ છે જેને એવી છે, એટલે શ્રીવર્ધમાનસ્વામિ પ્રણીત જે ધર્મ તેને આ તત્ત્વતરંગિણી મલતી છે, એ પરમાર્થ. અને વળી બીજી નદી હોય તે તપેલા જે પુરુષ તેને તાપની હરનારી હોય તે પ્રકારે તિથિનું જે આરાધવું તેની જે શંકા તે રૂપી જે દાવાનલ તેને કરીને તાપ્યા જે પુરુષ તેને તાપની હરનારી છે, એવી આ શ્રીતત્ત્વતરંગિણી ચિરકાલ જયવંતી વર્તો એમ ગાથાર્થ થયો. ૨૫

ઇતિશ્રી સં. ૨૦૦૨ વર્ષે આસો સુદ ૧૦ મી તિથૌમુ. પાદરા મધ્યે શ્રી સંભવ જૈનશાલામાં ચાતુર્માસ સ્થિત શ્રી તપગચ્છ નાયક સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવેશ વિજયપ્રેમસૂરીશ્વર સુવિહિત પટ્ટાલંકાર પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ શાસનપ્રભાવક આચાર્યદેવ વિજયજંબૂસૂરીશ્વર લિખીત તત્ત્વતરંગિણી બાલાવબોધ ભાષાનુવાદ સમાપ્ત.

મેલવણી કારકની નોંધઃ—સં. ૧૯૯૯ ના આસો સુદ ૧૩ શે મૂલપ્રતિ પત્રાંક ૯ સાથે બાલાવબોધની પ્રેસ કોપી મેલવી. મુ. અમદાવાદ જૈનસોસાયટી, ભરતનિવાસ

"ભાષા અનેલીપી જોતાં અનુમાનથી ૧૭મા સૈકાના પૂર્વાર્ધની લખાયેલી આ મૂલપ્રતિ જણાય છે."

---

* મુદ્રિત તત્ત્વતરંગિણીમાં આ ગાથાના પૂર્વાર્ધને મલતું ફેરફાર સાથે ૬૧ મી ગાથાનું પૂર્વાર્ધ આ પ્રમાણે છે—"तिहिआराहणसंकातत्तविआणेगमविअरीइकरी । અને ઉત્તરાર્ધને અક્ષરસઃ મલતું ગાથા ૬૨ નું ઉત્તરાર્ધ આ પ્રમાણે છેઃ—"जिणजणिअधम्मसायररइतत्ततरंगिणी जयउ ॥"

श्री मुक्ताबाइ ज्ञानमंदिर

जैन

डभोई गुजरात